R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 16 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH JUNE 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૨૧ ફેબ્રુ ૧૯૪૮

અરિહંત શરણ
તા. ૦૭ જુન ૨૦૨૧

## સ્વ. શ્રી છત્રપતિ નરસીભાઈ દંડ (વરાડીયા - મલકાપુર)

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી...
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી...
મસ્ત કલંદર જીવન જીવી સ્નેહની સૌરભ મુકી જનાર...
પરોપકાર માટે તન-મન-ધન ફના કરનાર ફરિશ્તા હતા...
આજે તમે ક્યાંય નથી, પણ સતત સાથે છો એવું લાગ્યા કરે છે...
અશ્રુઓ સુકાઈ ગયા આંખમાં, શબ્દો અટવાઈ ગયા છે શ્વાસમાં...
અનંતની યાત્રાએ સિધાવેલા તમારા આત્માને
પરમશાંતી અને મોક્ષલક્ષી રાહ મળે એજ પ્રભુ ચરણે પ્રાર્થના...

### : શોકાકુલ પરિવાર :

માતુશ્રી ગંગાબાઈ નરસીભાઈ દંડ પરિવાર
માતુશ્રી પ્રભાબાઈ જયચંદ મોતા પરિવાર
શ્રીમતી ધનલક્ષ્મીબેન દિનેશ મૈશેરી પરિવાર
શ્રીમતી જયાબેન વીરચંદ સોની પરિવાર
શ્રીમતી નિરૂપમાબેન શરદચંદ્ર નાગડા પરિવાર
અ. સૌ. મંદાકિનીબેન હિરાચંદ મૈશેરી પરિવાર

# શ્રદ્ધાંજલિ



## સ્વ. દર્શન ખીમજી ચાંપશી લાલકા - વારાપધર (વાપી)

જન્મ તારીખ : ૫.૫.૧૯૮૬ સ્વર્ગવાસ : ૧૬.૫.૨૦૨૧

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
અંજલિ આપતા હેયુ તૂટે છે. શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.
કલ્પી ન શકાય તેવી અણધારી તમારી વિદાય અમારા સૌનાં
કાળજા કંપાવી ગઈ,
દિલ હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
સાથ ભલે છોડ્યો તમે અમે તમને ભુલવાના નથી,
તમારી ખોટ કદીયે પુરાશે નહી,
તમારો હસમુખો ચહેરો, પ્રેમાળ સ્વભાવ,
ઉદાર પરોપકારી વૃત્તિ, કૌટુંબીક ભાવના હર હંમેશા યાદ રહેશે.
આપનાં દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુને અમારી પ્રાર્થના.

**: શોકાતુર પરિવાર :**

| | |
|---|---|
| માતા-પિતા | : માતુશ્રી જયાબેન ખીમજી લાલકા વારાપધર (વાપી) |
| સાસુ સસરા | : માતુશ્રી મધુરીબેન મહેન્દ્રભાઈ મોતા નલિયા ( પાચોરા) |
| પત્ની | : લીના દર્શન લાલકા |
| પુત્ર-પુત્રી | : હિતાર્થ -જીનાલી |
| બહેન બનેવી | : અ.સૌ રશ્મિબેન વર્ધમાન નાગડા નલિયા (વડોદરા)<br>અ.સૌ શીતલ કલ્પેશ શિયાલ-જખૌ ( મુલુંડ) |
| ભાણેજ-ભાણેજી | : ધૈર્ય, નિરાલી |
| સાળી | : પૂજા મહેન્દ્ર મોતા - નલિયા (પાચોરા) |
| વેવાણ-વેવાઈ | : અ.સૌ. હંસાબેન દિનેશભાઈ નાગડા નલિયા (વડોદરા)<br>અ.સૌ. રેખાબેન મણિલાલ શિયાલ જખૌ (મુલુંડ) |

# શ્રદ્ધાંજલિ



## સ્વ. દર્શન ખીમજી ચાંપશી લાલકા - વારાપધર (વાપી)

જન્મ તારીખ : ૫.૫.૧૯૮૬ સ્વર્ગવાસ : ૧૬.૫.૨૦૨૧

રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી,
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ શરમાઈ ગયું,
જીવન જીવ્યા ટુકું પરંતુ, શ્રેષ્ઠ જીવી ગયા,
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા
સૌના દિલમાં રાખી ગયા.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**: શોકાતુર પરિવાર :**

**માતુશ્રી કુંવરબાઈ ધનજી પદમશી મૈશેરી પરિવાર (નાની સિંધોડી)**

| | |
|---|---|
| મામી-મામા | : અ.સૌ. ધનલક્ષ્મી ખુશાલ ધનજી મૈશેરી - વાપી |
| મામી-મામા | : સ્વ. નીતા નરેન્દ્ર ધનજી મૈશેરી - અંકલેશ્વર |
| માસી-માસા | : અ.સૌ.દિવ્યાબેન વાલજી હિરજી છેડા જસાપર (અમદાવાદ) |
| માસી-માસા | : અ.સૌ. જયવંતી ગુલાબચંદ છેડા-જસાપર (સુરત) |
| માસી-માસા | : અ.સૌ. લતા રાજેશ નાગડા-નલિયા (વડોદરા) |
| બહેન બનેવી | : અ.સૌ. પ્રેમલ તુષાર લાલકા-પરજાઉ (નીમચ)<br>અ. સૌ.મીકંલ મોહિત લોડાયા-તેરા (આણંદ)<br>અ. સૌ. પાયલ રીતેશ નાગડા-નલિયા (ભરૂચ)<br>અ. સૌ. જીનલ ભાવિન ધરમશી-જખૌ (મુલુંડ)<br>અ. સૌ. ખુશ્બુ હિતેશ નાગડા નલિયા (અમદાવાદ) |
| ભાઈ ભાભી | : રાકેશ વાલજી છેડા જસાપર (અમદાવાદ)<br>અ. સૌ. અપેક્ષા દર્શક મૈશેરી-નાની સિંધોડી (વાપી)<br>અ. સૌ. શ્રુતિ મિકેશ છેડા-જસાપર (સુરત)<br>અ. સૌ. કુંજન ધવલ નાગડા-નલિયા (વડોદરા)<br>અ. સૌ. તોરલ ચિંતેશ મૈશેરી-નાની સિંધોડી (અંકલેશ્વર) |

**નાનાણા પરિવાર તરફથી શ્રદ્ધાંજલિ**

## તંત્રી સ્થાનેથી



શ્રી રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) તથા મારી વચ્ચે અનેક મુદ્દાઓ અને વિષયો અંગે વાતચીત થતી હોય છે. આજના આ તંત્રીલેખના વિષય અંગેના મારા તેમના વિચારો ખૂબ સમાન છે. તેથી મારી વિનંતી ને માન આપી શ્રી રમેશભાઈએ ખૂબ જ મનનીય તંત્રી લેખ લખેલ છે. શ્રી રમેશભાઈ પ્રકાશ સમીક્ષામાં અવારનવાર વિચારશીલ લેખો લખતા રહે છે.

– ડૉ. હીરાચંદ દંડ

# સમયની માંગ

જગતમાં જુદા જુદા સમયે માનવજાત પ્લેગ, કોલેરા, શીતળા અને ઇન્ફલુએન્ઝા જેવી મહામારી સામે ઝઝૂમતી આવી છે. તેમાં ડીસેમ્બર ૨૦૧૯થી શરુ થયેલ કોરોનાની મહામારીનો ઉમેરો થયો છે. ભૌતિક સંપત્તિ મેળવવાની હોડમાં માનવી કુદરત સાથેનો ઉચિત વહેવાર ચુક્યો અને પ્રકૃતિનું સંતુલન ખોરવાયું જેની સજા જગત ભોગવી રહ્યું છે.

કોવિડ-૧૯ના કારણે સમગ્ર વિશ્વ આર્થિક મંદીમાં સપડાઈ ચુક્યું છે. અત્યાર સુધીમાં આવેલી સૌથી તીવ્ર મંદી છે. વિશ્વની સાતસો કરોડની વસતિમાંથી ૧૮ કરોડ જેટલા લોકોને આ મહામારી આવી છે જેમાંથી ૩૮ લાખ લોકોએ જીવ ખોયા છે. ભારતમાં પણ આ રોગે ભરડો લીધો છે. ૩ કરોડ જેટલાને આ બીમારી આવી જેમાંથી ૩.૫ લાખથી વધારે લોકોએ જીવન ગુમાવ્યું છે. કોરોના વાયરસ અને લોકડાઉને નબળા અને મધ્યમવર્ગની આર્થિક કમર તોડી નાખી છે. અનેકના વ્યવસાયો ખોરવાયા છે તેમજ ઘણાં નોકરિયાતોએ નોકરી ગુમાવી છે કે તેમના પગાર ઘટયા છે. લોકો મોંઘવારી, લોનના હપ્તા અને વ્યાજનાં ભારણ હેઠળ દબાયા છે.

આ મહામારીનો ભોગ બનેલ આપણા જ્ઞાતિજનોની ચોક્કસ સંખ્યા મળતી નથી પરંતુ એકાદ વરસની મરણ નોંધ પરથી ચોક્કસ જણાય છે કે આપણી જ્ઞાતિ પણ આ ઝંઝાવાતમાંથી બાકાત રહી નથી. આપણે પણ ઘણાં આપ્તજનો ગુમાવ્યા છે જેમાં કેટલાય આશાસ્પદ યુવા-યુવતીઓ અને પરિવારની આજીવિકાનો આધારસ્તંભ પણ છે. એમનાં આત્માને ઈશ્વર શાંતિ આપે એવી પ્રાર્થના.

જ્ઞાતિનાં આવા વિકટ સમયે અનેક શ્રેષ્ઠિઓ અને સંસ્થાઓએ દાનનો ધોધ વહેવડાવ્યો છે પણ તેમાં શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમસી પરિવારનું યોગદાન મુઠ્ઠી ઊંચેરું છે. જ્ઞાતિ કે શાસનનાં કોઈ પણ ધાર્મિક કે સામાજિક પ્રસંગે આ પરિવારે ઉદાર હાથે પોતાની સંપત્તિ વહાવી છે. આ પરિવાર જ્ઞાતિના મસીહા તરીકે ઉભરી આવ્યો છે. વિશાળ રકમની રોકડ સહાય ઉપરાંત કોરોનાગ્રસ્ત જરૂરિયાતમંદોને વૈદકીય સારવારમાં અનંતનાથ ટ્રસ્ટ સાથે સહિયારો સરખે ભાગે આર્થિક સહયોગ આપીને આ પરિવાર ઉભો રહ્યો છે. સમાજનું કોઈ એવું ક્ષેત્ર નહીં હોય જ્યાં એમનો મજબૂત આર્થિક સહયોગ ન હોય!! આધુનિક યુગના આ જગડુશા પરિવારની દિલેરીને સો સો સલામ. અનુમોદના સહ અભિનંદન. એમની આ ઉત્કૃષ્ટ સાધર્મિક ભક્તિને ઉચિત સમયે સમગ્ર જ્ઞાતિનો મેળાવડો યોજી સમાજે બિરદાવવી જોઈએ.

સામાન્ય રીતે સ્વમાનપૂર્વક જીવનારી અને કોઈની પાસે હાથ ન લંબાવનારી ખમીરવંત જ્ઞાતિમાંથી ૨૩૦૦ થી ૨૫૦૦ પરિવારોને મહામારીમાં ટકી રહેવા સહાય માટે હાથ લંબાવવો પડ્યો છે. પરિવાર દીઠ ૪ની સંખ્યા ગણીએ તો આ આંક ૧૦૦૦૦ જેટલો ગણાય. જ્ઞાતિનો ત્રીજો ભાગ પોતાનું જીવન ધોરણ ચલાવવા સક્ષમ નથી રહ્યો. હજુ કેટલાય પરિવારો સ્વમાન ખાતર કદાચ સહાય લેવા આગળ નહીં આવ્યા હોય, નહીંતર આ આંકડો ઘણો વધુ હોઈ શક્ત. આ જોતાં પરિસ્થિતિ કેટલી ગંભીર છે તે સમજી શકાય છે. નબળા વર્ગની પરિસ્થિતિનું ચિત્ર આંચકાજનક, ચિંતાજનક અને આંખ ઉઘાડનારૂં છે.

અસાધારણ પરિસ્થિતિમાં ધરમસી પરિવારે લીધેલું પગલું ઉચિત જ છે. અત્રે આજથી ૧૨૫ વર્ષ પૂર્વે સને ૧૮૯૬ અને ૧૮૯૭માં આવેલ પ્લેગ(મરકી) વખતે થયેલ સુથરીના સર ત્રિકમજી નાઈટની યાદ આવે છે. ઉંદરથી ફેલાતા મરકી રોગની અસર, મસ્જિદ બંદર જ્યાં મોટા ભાગની આપણી જ્ઞાતીનો વસવાટ હતો એવા આ વિસ્તારમાં અનાજના ગોડાઉનો હોવાને લીધે ખૂબ હતી. માણસો ટપોટપ મરતાં હતા. શબને અગ્નિ દાહ આપનાર કોઈ ન મળે, સ્મશાનમાં જગ્યા નહીં, લોકો રાત્રીના ભાગમાં રસ્તા ઉપર શબને મુકી દેતા હતા. ડરથી સરકારી હોસ્પિટલમાં જવા કોઈ રાજી નહીં. લોકો મુંબઈ છોડી ભાગવા માંડ્યા. અડધું મુંબઈ ખાલી થઈ ગયું. સરકાર સારવાર લેવા હોસ્પીટલમાં દાખલ થવા ઘણુએ સમજાવે, પણ કોઈ માનવા તૈયાર નહીં આપણી

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :**

CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૧૬, તા. ૨૦-૦૬-૨૦૨૧**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

જ્ઞાતિની ખૂબ વિકટ પરિસ્થિતિ. એ વખતનાં આપણા આગેવાન સર ત્રિકમજીનું સમાજમાં ખૂબ જ માન. અંગ્રેજોએ આપણી જ્ઞાતિને સારવાર લેવા હોસ્પિટલમાં દાખલ થવાનું સમજાવવા એમની મદદ લીધી. આવા જોખમી સમયે સર વસનજી આગળ આવ્યા. સરકારી હોસ્પિટલમાં આપણા જ્ઞાતિજનોને ઉચિત સારવાર નહીં મળે અને એમનાં જીવન જોખમમાં મુકાશે તે જાણી દાણા બંદરમાં પોતાનાં ખર્ચે હોસ્પિટલ ખોલી નાખી. આપણા ભાઈ-બહેનોના જીવન બચાવવા ઘરેઘરે જઈ હોસ્પિટલમાં દાખલ થવા સમજાવ્યા. દરદી પરિવારોને જરૂરી આર્થિક મદદ કરી. અનેક લોકોના જીવ બચી ગયા. સરકારે એમના ઉમદા કાર્યની નોંધ લીધી.

ધરમસી પરિવારની સહાયને આઈ.સી.યુ.ની સારવાર ગણી શકાય. જ્યારે વ્યક્તિ આઈ.સી.યુ.માં આવી જાય ત્યારે પ્રથમ પ્રયાસ તેને આઈ.સી.યુ.માંથી બહાર લાવવાનો જ હોઈ શકે. ''શીર સલામત તો પઘડિયાં હજાર'' એ ન્યાયે જરૂરતમંદોને તુર્ત રોકડ સહાય ત્રણ મહિના સુધી આપવાનો માર્ગ એમણે અપનાવ્યો. આવી પરિસ્થિતિ કેટલા સમય સુધી ચાલશે, તેમજ નાનો અને મધ્યમ વર્ગ પોતાના ધંધા, નોકરીમાં ક્યારે સ્થિર થશે, તેનો અંદાજ બાંધવો મુશ્કેલ છે. ધરમસી પરિવારે જરૂરિયાતમંદને આઈ. સી.યુ.માંથી બહાર કાઢવાનું કાર્ય કર્યું તેમજ આપણે સૌને વિચાર કરતાં કર્યા છે કે કાયમી ઉકેલ શોધવા કટિબધ્ધ બનો. રોકડ સહાય એ તાત્કાલિક દવા છે જે લાંબા સમય આપવી હિતાવહ નથી કારણ તેનાથી લોકો આળસુ અને પરાવલંબી બની જવાનો ભય રહેલો છે. કાયમી ઉપાય આવા પરિવારોને જરૂરી પીઠબળ આપી ઉધમી અને સ્વાવલંબી બનાવવામાં છે.

આજે ઉદ્યોગ અને વ્યાપાર ઠપ છે અને સેવાકીય ક્ષેત્રે પણ ગતિ મંદ પડી છે, ત્યારે કોરોના વાઈરસથી પ્રભાવિત થયેલા નાના વેપારીઓ, બેરોજગાર અને આર્થિક નબળા લોકો માટે આર્થિક પેકેજ જરૂરી છે. ભારત સરકારે આર્થિક પેકેજો અને બીજી રાહતો આપી છે પરંતુ આ આર્થિક પેકેજનો આપણા ભાઈઓને બહુ ફાયદો નહીં થાય કારણ કે તેનો લાભ MSME મોટા વેપારી, ઉદ્યોગોને મળશે જેમાં આપણી સંખ્યાનાની છે. આપણો નબળો અને મધ્યમ વર્ગ આ કેટેગરીમાં આવશે નહીં અને તેથી સરકારી રાહત બહુ નહીં મેળવી શકે.

કચ્છી જૈનોમાં મુંબઈમાં પ્રથમ વસવાટ કરનાર આપણે, સમૃદ્ધીના શિખરો પ્રથમ સર કરનાર આપણે. પરંતુ આજ દિન સુધી આપણે એક અદ્યતન કોલેજ કે હોસ્પિટલ મુંબઈમાં ન સ્થાપી શક્યા. હોસ્પિટલ તો દૂરની વાત પણ એક સારું આરોગ્ય સેંટર જ્યાં નિઃશુલ્ક કે તદ્દન નજીવા દરે મેડીકલ નિદાન, પેથોલોજી કે રેડિયોલોજીની સગવડ કે સારું દવાખાનું પણ સ્થાપી ન શક્યા કે જેનો લાભ સમાજના નબળા વર્ગને આપી શકાય. સામાન્ય વર્ગ તો હાંસિયામાં જ રહી ગયો.

આપણા વડિલો દુરંદેશી હતા. આજથી ૧૧૫ વરસ પહેલાં અખિલ ભારતીય શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ શિક્ષણનો ફેલાવો કરવા ઠરાવો કરી વ્યવહારિક સાથે ધાર્મિક શિક્ષણ આપતી પાઠશાળાઓ, બોર્ડિંગો અને કન્યાશાળાઓ ખોલવા માટે સમાજને સમજાવી રહ્યું હતું તે પહેલા આપણા વડીલોએ આવી સંસ્થાઓની સ્થાપના પણ કરી નાખેલ!!! એ વખતે આપણી જ્ઞાતિનો મોટો ભાગ મસ્જિદ બંદર વિસ્તારમાં રહેતો હતો અને આ વિભાગની અનાજ, કરીયાણા, મેવા, રૂઉ અને કેમીકલ બજારમાં નોકરી, દલાલી કે આડતિયાનું કામ કરતો હતો. આપણાં ભાઈઓની પણ થોડી વ્યાપારી પેઢીઓ હતી જેમાં આપણાં ઘણા ભાઈઓ નોકરી કરતા હતા. એ વખતે નામું, હિસાબ, તાર લેખન, પત્ર વ્યવહાર, ટાઈપિંગ અને અંગ્રેજીનું જરૂરી વ્યાવસાયિક શિક્ષણ ફ્રી નાઈટ કલાસમાં આપવામાં આવતું હતું, જે રોજગારમાં ખૂબ ઉપયોગી હતું.

આપણું શાળાનું અને કોલેજનું શિક્ષણ


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

પુસ્તકોનું જ્ઞાન આપનારૂં રહ્યું. આથી વિવિધ વિદ્યાશાખાના જ્ઞાનથી થોડા સીએ, સીએસ, ડોક્ટર, એન્જિનિયર જરૂર મળ્યા પણ કારકુન વધારે મળ્યા જેને રોજગારી મેળવવાની સમસ્યા નડી તથા અપુરતા પગારની નોકરીથી સંતોષ માનવો રહ્યો. આપણાં મોટા ભાગના ભાઈ-બહેનોની નોકરી અનઓર્ગેનાઈઝ ક્ષેત્રમાં છે. જ્યાં ભવિષ્યના ખાસ કોઈ લાભો નથી તેમજ નોકરીની પણ કોઈ સલામતી નથી જેથી ભવિષ્ય અંધકારમય છે. સમય બદલાતાં ઔદ્યોગિકરણ આવ્યું, ટેકનીકલ શિક્ષણનો યુગ આવ્યો. વ્યવસાયલક્ષી રોજગાર કે સ્વરોજગાર અપાવે અને પોતાના પગભર રહી શકે એવા તાલીમ સાથેના ટેકનીકલ શિક્ષણ તરફ આપણે સમાજને વાળી ન શક્યા. લાગે છે સમય પ્રમાણે પરિવર્તન કરવામાં આપણે ચુક્યા. ટેકનીકલ ક્ષેત્રે જવાની જરૂરી જાગૃતિનો અભાવ રહ્યો. આજે ટેકનીકલ ક્ષેત્રમાં રોજગારી અને સ્વરોજગારની ઉજળી તકો છે પણ આપણે ગાડરિયા પ્રવાહમાં સામાન્ય શિક્ષણ-આર્ટસ કે કોમર્સનું શિક્ષણ લઈ વાઈટ કોલરના જોબ પાછળ ખેંચાતા રહ્યા. આપણે વેપારમાં જ અટવાયેલા રહ્યા. આપણો મુખ્ય વેપાર રૂઉનો હતો જેમાં આપણા અનેક પરિવારો નભતા હતા, તે સમયાંતરે તુટ્યો. આપણે વ્યાપારમાંથી ઈન્ડસ્ટ્રીઝ જે મોટે પાયે નોકરી આપી શકે તેમાં પરિવર્તન ન કરી શક્યા. આજે આટલા વરસો પછી પણ આપણી જ્ઞાતિની નામ પુરતી એક મોટી ઈન્ડસ્ટ્રીઝ એ. કે. ઈન્ડસ્ટ્રીઝ જ છે. આ ચીલાચાલુ શિક્ષણ પર્યાપ્ત નથી એ કોરોનાને કારણે સહાય માટે વધેલી સંખ્યાએ બતાવી આપ્યું છે.

આપણી વિવિધ સામાજિક સંસ્થાઓ/ટ્રસ્ટો તેમજ શ્રેષ્ઠીઓ અને આગેવાનો આપણાં નબળા અને મધ્યમવર્ગીય લોકોનું જીવન ધોરણ ઉંચુ આવે તેવા પ્રયત્નો કરતા જ આવ્યા છે અને કરતા રહ્યા છે. પરંતુ કોરોના મહામારીએ બતાવી આપ્યું છે કે આવા પ્રયત્નો પર્યાપ્ત નથી. આ પ્રવૃતિને સમસ્ત મહાજનનાં વિશાળ ફલક પર એક બેનર હેઠળ, આયોજનબધ્ધ ચલાવવામાં આવે તે ઈચ્છનીય છે. તેથી સમાજના સંસાધનો વધશે અને વધુ સારી અસરકારક રીતે તેનો ઉપયોગ થઈ શકશે. આ સમસ્યાનો ઉપાય તો ખૂબ કઠિન છે પરંતુ મુસીબતો સામે હારે તે KDO નહીં. પ્રયાસ તો કરવો જ રહ્યો. સમાજનાં બુદ્ધિજીવીઓ, શ્રેષ્ઠીઓ તથા નિષ્ણાતોની મદદ લઈ તેમજ સમાજ પાસેથી સુચનો મેળવી, આર્થિક સર્વેક્ષણ અને મંથન કરી નક્કર પગલા ભરવામાં આવે તે અપેક્ષિત છે.

આયોજનબધ્ધ માર્ગદર્શન અને આડકતરી સહાય દ્વારા સમાજનાં નબળા વર્ગને જરૂરી પીઠબળ પુરું પાડી શકાય. જો આવું કંઇ નહીં કરીએ તો કહેવાશે કે મહામારીમાંથી આપણે કંઈ શીખ્યા નથી.

આવો આપણે સહિયારો પ્રયાસ કરીએ.

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ
મો.: **98203 36767**



## ચતુર્થ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા**

જન્મ : ૧૪-૬-૧૯૫૫ • અરિહંત શરણ : ૧૭-૬-૨૦૧૭

જ્ઞાતિ ઈતિહાસના ઊંડા અભ્યાસી,
ચાર દાયકાથી ગુજરાતી પત્રકારિત્વમાં સમર્પિતપણે વ્યસ્ત,
પ્રકાશ સમીક્ષાના સહતંત્રી, સંનિષ્ઠ સામાજીક કાર્યકર,
સરળ સ્વભાવ, નેક દિલ ઈન્સાનની ખોટ સદાયે સાલશે.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

## શબ્દ કોયડો

### ધર્મસંદેશ – ૧૫૩

રચયિતા : જયકાંત મોતા – તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ■ | ૨ | ■ | ૩ | ■ | ■ | ૪ |
| | ■ | ■ | ■ | ૫ | | ■ | ૬ | | ■ | |
| ૭ | | | ૮ | ■ | ૯ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | ■ | | ■ | ■ | | ■ | ૧૨ | | |
| ■ | ■ | ૧૩ | | ૧૪ | ■ | | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | | | ■ | | ■ | ૧૭ | | | ■ | ૧૮ |
| | ■ | ■ | ૧૯ | | | ■ | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | ૨૨ | ■ | | ■ | ■ | ૨૩ | ૨૪ | | | ૨૫ |
| ■ | ૨૬ | | | ■ | ૨૭ | ■ | | ■ | ૨૮ | |
| ૨૯ | | ■ | ■ | ૩૦ | ■ | ૩૧ | ■ | ■ | ■ | |
| ■ | ■ | ૩૨ | | ■ | ૩૩ | | | | | |

**આડી ચાવીઓ :**

૧) અમદાવાદની હઠીસીંગની વાડીના મુળનાયક (૪)
૫) ઘણા જીનાલયમાં નેમનાથની ... બનાવવામાં આવે છે. (૨)
૬) જ્ઞાનાવરણિય એ શું છે (૨)
૭) આ બાર છે (૪)
૯) જ્ઞાનનું ઉપકરણ (૩)
૧૧) વાસુદેવ કેટલા (૨)
૧૨) અતિત ચોવીસીના તેરમા તિર્થંકર (૩)
૧૩) ઈલાચીકુમાર કેવી રીતે કેવલ જ્ઞાન પામ્યા (૩)
૧૫) આને કાબુમાં રાખવું અતિ મુશ્કેલ છે (૨)
૧૬) આવતી ચોવીસીના બારમાં તિર્થંકર શ્રીકૃષ્ણ વાસુદેવ (૩)
૧૭) પ્રદક્ષિણા દેવા આ ફરાય(૩)
૧૮) મલ્લીનાથ એ ... તીર્થંકર હતા (૧)
૧૯) રાજસ્થાનનું ચિંતામણી પાર્શ્વનાથનું તીર્થ (૩)
૨૦) ઈશ્વર (૨)
૨૧) ... મન, ધન, પ્રભુના ચરણોમાં (૨)
૨૩) હું છું.... મારો જાલજો રે હાથ (૩)
૨૬) અંતિમ કેવલી જંબુસ્વામીની ચરણ પાદુકા અહીં આવેલ છે. (૩)
૨૮) આદેશ્વરનો પૌત્ર (૨)
૨૯) જીનાલયમાં પ્રતિમાની ... પ્રતિષ્ઠા થાય (૨)
૩૦) આદિનાથ ને કેટલી પુત્રીઓ હતી (૧)
૩૨) એક તપ જેમાં છાશની છૂટ હોય (૨)
૩૩)વીરપ્રભુના પ્રથમ પટ્ટધર (૬)

**ઊભી ચાવીઓ :**

૧) તિર્થંકર ભગવાનની આગળ ચાલે (૪)
૨) ગુજરાતનું પાર્શ્વનાથનું એક તીર્થ (૩)
૩) કંથુનાથનું લાંછન (૩)
૪) આ સૂત્રમાં ગૌત્તમસ્વામીએ પૂછેલા મહાવીર સ્વામીને છત્રીસ હજાર સવાલ (૪)
૮) એક ગતિ (૩)
૧૦) આવતી ચોવસીના પ્રથમ તિર્થંકર (૪)
૧૧) પ્રતિમા દેખતા ..... કરો (૩)
૧૨) સાચા દેવ ... (૫)
૧૩) એક કર્મ (૨)
૧૪) અજીતનાથનું એક તીર્થ (૩)
૧૬) ગૌત્તમસ્વામીને અંગઠે... હતું (૩)
૧૯) એક પાર્શ્વનાથ (૩)
૨૨) પ્રભુને ચડાવેલ એક પવિત્ર જળ (૩)
૨૪) પાર્શ્વનાથનું લાંછન (૨)
૨૫) ચંદ્રશેખર એ પૂર્વભવમાં કોનું નામ હતું (૪)
૨૭) આદેશ્વરની પુત્રીઓ કેટલી (૧)
૩૧) આ અભક્ષ્ય છે (૨)

**જીતો ઈનામો...**

ઉપરોક્ત શબ્દ કોયડાના ઉત્તરો ચોકઠામાં ભરીને આ અંક પ્રકાશિત થયાના ૨૦ દિવસ સુધીમાં શ્રી જયકાંતભાઈ મોતાને પોતાના નામ – ગામ સાથે (મો.: ૯૮૧૯૬૨૮૩૮૨) વોટ્સઅપ ઉપર મોકલી આપવા. બધાજ સાચા જવાબ આપનારા વાચકોમાંથી ત્રણ વ્યક્તિઓને કુ. ચૌલા ઉમરશી કુરૂવા (અમદાવાદ) તરફથી લોટરી સિસ્ટમ દ્વારા ઈનામો આપવામાં આવશે.

## Proud to be kutchi - કચ્છી હોવાનો મને ગર્વ

મારા એક મિત્ર કિરીટભાઈ કણજારીયાના પત્નિ નીલમબેન ગંભીર રીતે બિમાર હોવાથી ૨૧/ ૫/ ૨૧ ના રોજ અમદાવાદથી ચેન્નઈ એર એમ્બ્યુલન્સમાં શિફ્ટ થયા. ૨૬ /૫ ના તાત્કાલિક ત્રણ બોટલ લોહીની જરૂર પડી. ચેન્નઈ જેવા અજાણ્યા શહેરમાં આવા કપરા સમયમાં લોહી ક્યાંથી લાવવું ? અને પાછું full lock down. કેવી રીતે શક્ય બને ? કિરીટભાઈનો ફોન મારા ઉપર આઠ વાગ્યે આવ્યો. મેં એમને સાંત્વના આપી અને કહ્યું બે કલાકમાં તમારૂં કામ થઈ જશે. આવી પરિસ્થિતિમાં મેં ફોન કર્યો શ્રી તિલકભાઇ લોડાયા અને શ્રી રાજનભાઈ મોમાયાને. અડધા કલાકમાં ત્રણ જણા ભાઈશ્રી કેયુર છેડા, શ્રી કેતન છેડા, શ્રી ધીરવ ગોસર લોહી donate કરવા માટે પહોંચી ગયા. માથું ઝુકી જાય જ્યારે આવા સેવાકાર્યના અનુભવ થાય.

ધન્ય છે કચ્છી મિલન ચેન્નઈને, ધન્ય છે એમની સેવાને. આ પ્રસંગ પછી કિરીટભાઈ એક વાત કહી કે એક કચ્છી મિત્ર હોય એ સો મિત્ર બરાબર છે. મને ગૌરવ છે કચ્છી હોવાનું. અમિત અશોક લોડાયાએ કિરીટભાઈ માટે રહેવાની અને જમવાની વ્યવસ્થા કરી આપેલ.

તેજસ હંસરાજ લોડાયા નલિયા (અમદાવાદ)
9925019336

## ધર્મ સંદેશ - ૧૫૨ના જવાબો

**આડી ચાવીઓ :** (૧) મરુદેવી (૪) દાદા (૭) વરદાન (૮) વાસક્ષેપ (૯) લોચ (૧૦) સો (૧૧) રાજલોક (૧૩) રાસ (૧૪) બે (૧૫) નાભિરાજા (૧૮) અજીતનાથ (૨૦) પોસીના (૨૧) યજ્ઞ (૨૨) કીર્તી (૨૫) આદ્રા (૨૬) તિલક (૨૭) ઝાલર (૨૮) નાંદિયા (૨૯) તેરા (૩૦) સતિ.

**ઉભી ચાવીઓ :** (૧) મધ્યલોક (૨) દેવ (૩) વીરવિજયજી (૪) દાન (૫) ચોંસઠ (૬) ઉપવાસ (૧૨) નાભિ (૧૩) રાજા (૧૫) નાથ (૧૬) રામપોળ (૧૭) પાવાપુરી (૧૮) અક્ષયતૃતીયા (૧૯) નારકી (૨૩) કંકણ (૨૪) અઝારા (૨૫) આરસ.

**નોંધ :** કોઈપણ વાચકના બધા જવાબો સાચા નથી.

**ભાગ લેનારાઓના નામ :**

(૧) લક્ષ્મીબેન લાલજી ધરમશી – મસ્જીદ બંદર
(૨) જયા પ્રેમચંદ મોમાયા – કાંજુરમાર્ગ
(૩) ભારતી દિલીપ ધુલ્લા – ડોંબીવલી
(૪) દમયંતી શિરીષ લોડાયા – ઘાટકોપર
(૫) ચેતના પ્રેમચંદ લોડાયા – વારાપધર
(૬) ભારતી સુર્યકાંત નાગડા – દવનગીરી
(૭) મનલક્ષ્મી શાંતીલાલ લોડાયા – સુથરી
(૮) પૂર્ણિમા દિપક વિકમશી – હુબલી
(૯) ચંદનબેન નાગડા – નાંદેડ

## ડાયરી મેં શાયરી

રચના : મસ્તી

મીઠા સોણા એટલે 'મસ્તી'
તો વઘર તોકે મિલે જી યુક્તિ.
તું મુંજી જિધ નૈંયે કે
પૂરી કરે જી જ આય,
તું ત 'મસ્તી' મુજો ભરોસો ઐંયે
જુકો જિવતરજો ભત્તો આય.
તોજી અખીયું નેરે
'મસ્તી' હેકડો ખ્યાલ આયો,
તરેલા અચે નતો છતાં
ડૂબેલા હિકડો ઠેકાણું મલ્યો.
ચાયમેં કિતરી સક્કર વિજાં ,
શબરી જીંય 'મસ્તી' ઢુક ચ્ચખેને ડીજા.
સેલ્ફી કઢણી આય મુંજી પણ
તો વિઘર 'મસ્તી' ખેલ જ નથી અચે.
અખીયેંજી સુગંધ સા મેં હિતરી ભરૈ,
કે 'મસ્તી' નશો કરેજી જરૂર ન પૈ.
વધે લાગણીયું ત મુકે ડીજ,
ને 'મસ્તી' ઘટે ત મુકે ચોજ.
ઝગડો કરેલા ખીસેમેં
ધુસ્સો ભરે આયો,
પણ 'મસ્તી' મુકે ખબર જ ન વૈ કે
તોકે નેરે નેજ ખીસેમેં પોંધા કાણાં.
ધવાઈજે ઠેકાણે ડોક્ટર
આંજો નાં લેખેં આય,
ને 'મસ્તી' હી પણ લેખે આંય
''સવાર, બપોર ને રાત.''
ધવાઈ પણ તું ઐંયે,
બિમારી પણ 'મસ્તી' તું જ ઐંયે.
પામેં 'મસ્તી' કોય જાતજો નાંય અંતર,
કોકે પાં હેકડે બે કે રખો તા અંતરમેં.
'મસ્તી' ચુપચાપ હલધોં વ્યો તે,
બસ તોજી મેટમેં ખડો નેરે છણી પ્યો.
પાસા ફિરાયમેં પણ કોરો ફાયધો,
'મસ્તી' હિન બાજુ ભી તું ને
હુન બાજુમાં પણ તું.

– તિલકચંદ લોડાયા, ચેન્નઈ
૯૯૪૦૬ ૩૬૬૪૬

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા – રવા (ચેમ્બુર)**

# “જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...” મણકો-૩૨

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

**કલ્પસુત્રનું વાંચન**

આધુનિક યુગમાં પણ ક્યાંક ક્યાંક કલ્પસુત્રનું પર્યુષણ પર્વની આરાધના દરમ્યાન વાંચન કરવામાં આવે છે. ત્યાર બાદ એને કપડામાં સરખી રીતે વિટાડીને ઉપાશ્રયજીના પુસ્તક ભંડારમાં એક વર્ષ માટે વિરામ આપવામાં આવે છે. કલ્પસુત્રનું વાંચન આજના યુગમાં કેટલું અનુષાંગિક છે તેની ચર્ચા કરતા જુદા જુદા ગચ્છના સાધુ-સાધ્વી ભગવંતો પાસેથી જુદા જુદા અભિપ્રાય મળ્યા.

આ અભિપ્રાયોની તારવણી કરતા લગભગ બધા જ ગચ્છના ૫૦ થી ૬૦ વર્ષના સાધુ-સાધ્વી ભગવંતો જેમની દિક્ષાને લગભગ ૩૦ વર્ષ થયા હતા તે પ્રબળ મતના હતા કે પર્યુષણ પર્વ દરમ્યાન કલ્પસુત્રનું વાંચન થવું જ જોઈએ.

જ્યારે આ પ્રશ્ન ૩૦ થી ૫૦ વર્ષની ઉંમરના સાધુ-સાધ્વી ભગવંતોને પુછતા જવાબ જુદ જુદા મળ્યા, પણ તેમાંથી વહેતો સુર- તેમના નામને ખાનગી રાખવાની શરતે એકજ હતું કે આજના આ અતિ-આધુનિક "Fast -life" વાળા યુગમાં આ સુત્રના વ્યાખ્યાનને સાંભળવાવાળા કેટલા અને સમજવાવાળા કેટલા ? અમે તેથી આ સુત્રનો સાર એકાદ બે વ્યાખ્યાનમાં આપી દઈએ છીએ.

અમુક સાધુ-સાધ્વી ભગવંતો મતના હતા કે આ સુત્રનું વાંચન સાધુ-સાધ્વી પુરતું જ મર્યાદિત હતું પણ કેટલાક સ્થળોએ શ્રીસંઘોની ઈચ્છાને કારણે આનું વાંચન કરવાનું અને વ્યાખ્યાન આપવાનું ચાલુ થયું ત્યાર પછી “આગેસે ચલી આઈ હૈં યે પરંપરા”ની માફક વાંચન થાય છે.

તો ચાલો જાણીએ કે શું છે આ કલ્પસુત્ર. (આ લેખ આગળના લેખમાં જણાવ્યા મુજબ અમારા ઉપાશ્રયનાં ધાર્મિક પુસ્તકનાં ભંડારમાં **“અચલગચ્છ દિવાકર તીર્વ પ્રભાવક આચાર્યદેવશ્રી ગુણસાગર સુરિશ્વરજી મ.સા.”** લિખિત શ્રી કલ્પસુત્ર સચિત્રમ્ તેના આધારે તૈયાર કરેલ છે) તેથી લખાણમાં ક્યાંક જિન આજ્ઞા વિરુધ્ધ લખાઈ ગયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

કલ્પસુત્ર પુસ્તકના પ્રથમ પેજ પર જે જે આચાર્યોએ કલ્પસુત્રના મુખ્ય પુસ્તકનું ભાષાંતર ઈત્યાદિ કર્યું છે તેવા અચલગચ્છના પટધરોના ઉલ્લેખ કરવામાં આવ્યા છે તેથી આ સુત્ર અતિ પ્રાચિન છે તેની સંભાવના પાકી થાય છે, તો પછીના પેજ પર પ.પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ચતુર્થ જન્મ શતાબ્દિની યાદગીરી નિમિત્તે આ પુસ્તક પ્રસિધ્ધ કરવામાં આવ્યું તેની નોંધ લીધેલ છે.

ત્યાર પછી અચલગચ્છની રક્ષિકા એવા શ્રી મહાકાળી માતાજી તથા શ્રી ચકેશ્વરી માતાજીનાં સુંદર ફોટા મુકેલા છે. પછીના પાના પર ભાષાંતરકાર, ઉપદેશક સાધ્વીશ્રી અને પ્રકાશકના નામ સુચિ ઈત્યાદિ આપેલ છે. એ પછીના પાના ઉપર પ.પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા. અને પ.પૂ. મુનિમંડલાગ્રેસર દાદાશ્રી ૧૦૦૮ ગૌતમસાગરજી મ.સા.ના ચિત્રોના ફોટાઓથી સજાવેલ છે.

આગળ વધતા પુજ્યપાદ દાદા ગુરુદેવ પ.પૂ. આચાર્યદેવશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને કલ્પસુત્ર ભાષાંતર ગ્રંથ સમર્પિત કરનાર આ. ગુણસાગરસૂરિશ્વરજીનું નિવેદન છે.

પૂ. સાધ્વી હરખશ્રીજી મ.સા. જેઓ અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ ૧૦૦૮ શ્રી ગુણસાગરસુરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની સાધ્વી કપુરશ્રીજી મ.સા.ના શિષ્યા છે તેમણે “મારી ભાવના” વિભાગમાંઆ ગ્રંથ વિશે તેમની ઈચ્છા, ગ્રંથની મહત્તા, ગ્રંથનો પરિચય “જૈન દર્શનમાં હાલમાં પિસ્તાલીશ આગમો છે. તેમા છ છેદ સુત્રોમાંથી આ ચોથું છત્ર સુત્ર છે તે પર્યુષણા કલ્પ, એટલે કલ્પસુત્ર.” તેમજ આ ગ્રંથની રચનામાં ઉદાર દિલથી ધન, તન અને મન દ્વારા સહયોગ કર્યો છે તેમની પ્રસંશા કરી નોંધ લીધેલ છે.

પ્રકાશક શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘના પ્રમુખશ્રી મોરારજીભાઈ નાનજીભાઈ ગાલા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ટોકરશીભાઈ દામજી ધરમશી, માનદ્‌મંત્રીશ્રી પ્રતાપભાઈ ગોવિંદજી શાહ અને સંઘના શુભેચ્છક ધર્મપ્રેમી શ્રી શામજીભાઈ જખુભાઈ ગાલા કે જેઓએ આ પુસ્તકના નિર્માણમાં કાળજી ભરી અતિ મહેનત લીધેલ છે તેમને બિરદાવ્યા છે.

મારા અતિ ઉંડા જૈન ધર્મના સુત્રોના અલ્પ જ્ઞાનના આધારે તથા સાધુ-સાધ્વી ભગવંતો સાથેની ધર્મ ચર્ચાના આધારે અત્યાર સુધીના ઉપરના આલેખમાં જિન આજ્ઞા વિરુધ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.... (વધુ આવતા અંકે...)

# સમય પ્રવાહ

## વ્યક્તિ એક – ભૂમિકાઓ અનેક, અભિપ્રાયો અપાર અને અપેક્ષાઓ અનંત



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247

૧૯૭૪માં  સ્વ. સંજીવ કુમાર અભિનીત એક ફિલ્મ ‘નયા દિન નયી રાત’ રજુ થયેલ જેમાં એમણે નવ અલગ અલગ ભૂમિકાઓ ભજવેલ, જે ૧૯૬૪માં શિવાજી ગણેશન અભિનીત તમિલ  ફિલ્મ નવરાત્રી પર આધારિત હતી. આ તો ફિલ્મ એટલે કે ‘રીલ લાઈફ’ હતી જે અભિનય પર આધારિત હતી, પણ વાસ્તવિક જીવન એટલે કે ‘રીઅલ લાઈફ’માં લગભગ દરેક વ્યક્તિને અલગ અલગ સમયે અલગ કે વિભિન્ન ભૂમિકા, તેની જવાબદારી ઉઠાવવા માટે ભજવવી પડે છે, જેમકે પુરુષ ક્યારેક પિતા, પુત્ર, ભાઈ, પતિ, દાદા, બનેવી, જમાઈ, મામા, નાના, કાકા જેવી ભૂમિકા સમયે સમયે ભજવે છે. તો સ્ત્રી માતા, પુત્રી, બહેન, પત્ની, દાદી, ભાભી, પુત્રવધુ, મામી, નાની કે કાકી જેવી ભૂમિકા સમયે સમયે ભજવે છે. ફિલ્મ ક્ષેત્રમાં કોઈ કોઈ અભિનેતા કોઈ એક ચોક્કસ પ્રકારની ભૂમિકા બહુ સારી રીતે ભજવે તો તેને વિશેષ વિશેષણથી નવાજવામાં આવે છે જેમકે ‘ટ્રેજેડી કિંગ’ દિલીપ કુમાર, ‘એન્ગ્રી યંગમેન’ અમિતાભ બચ્ચન, ‘રોમાન્સ કે રાજા’ રાજેશ ખન્ના અને શાહરૂખખાન, ‘કોમેડી કિંગ’ મહેમુદ વગેરે તો અભિનેત્રીઓમાં ‘ટ્રેજેડી ક્વિન’ મીના કુમારી, ‘ગ્લેમરસ’ પરવીન બાબી, ‘ડ્રિમ ગર્લ’ હેમા માલિની વગેરે. આના કારણે કેટલીક વાર જે તે ફિલ્મની વાર્તા કે પટકથા પણ તે સિનેમાના નાયક કે નાયિકાની  આવી  મુખ્ય ખૂબી કે ખ્યાતિને ધ્યાનમાં રાખીને લખવામાં આવે છે, કે તે પ્રમાણે તેમાં સુધારા કરવામાં આવે. કહેવાનું તાત્પર્ય એ છે કે દરેક વ્યક્તિની કેટલીક વિશેષતાઓ કે ખૂબીઓ હોય છે તો કેટલીક ખામીઓ પણ હોય છે. તેવી જ રીતે પાર્શ્વ ગાયનમાં પણ કેટલાક ગાયકો કે ગાયિકાઓને પણ મર્યાદા હોય છે; છતાં ફિલ્મ ક્ષેત્ર જેવા વ્યવસાયિક માધ્યમે માત્ર વ્યક્તિઓની ખૂબીનો ઉપયોગ કરેલ છે અને તેમની ખામીઓને નજર અંદાઝ કરેલ છે, અને ભાગ્યે જ તેમની ખામીઓને ઉજાગર કે જાહેર કરીને તેની પ્રસિદ્ધિ કરેલ છે.

જયારે સંસારમાં કે વાસ્તવિક દુનિયામાં અનેક મનુષ્યો કોઈની પણ સારી બાજુ હોય તેને નઝર અંદાઝ કરીને માત્ર અને માત્ર તેની નબળી  (ખરેખર, આભાસી, કે ઉપજાવી કાઢેલ) બાજુને, હોય તે કરતાં પણ વધારે પ્રમાણમાં જેને કહેવાય, મીઠું મરચું ભભરાવીને પ્રચાર અને પ્રસાર કરે છે; જે કદાચ ઈર્ષા, અદેખાઈ કે પૂર્વગ્રહ પર આધારિત હોય છે. કેટલીકવાર કોઈ વ્યક્તિ આપણી અપેક્ષા (જે ઘણીવાર અવાસ્તવિક કે વધારે પડતી હોઈ શકે) પ્રમાણે કાર્ય કે વર્તણુંક ના કરે તો પણ આપણે તેના વિરુદ્ધ મોકો મળતાં બુરાઈ, ટિક્કા, કટાક્ષ કે પ્રચાર કરવાનું શરૂ કરી દઈએ છીએ. આ નકારત્મક પ્રચાર કોઈ વ્યક્તિની પ્રતિષ્ઠા પર પણ અસર કરે છે.  આ કદાચ સર્વમાન્ય તારણ ના પણ હોય છતાં  બહુધા આ પ્રકારની વર્તણુંક જોવા મળે છે. ખાસ કરીને આજકાલ રાજકારણમાં જેને ચારિત્ર્ય હનન કહેવાય તેવા પ્રકારના ઓડીઓ, વિડિઓ કે ચિત્રો સોશિયલ મીડિયામાં બહુ જ જોવા મળે છે.

કૂથલી કે નિંદા એ મનુષ્યોનો બહુ જ રસનો વિષય છે, અને કીટી પાર્ટી, ક્લબ, સોશિયલ ગ્રુપો વગેરેમાં કેટલીક વ્યક્તિઓ આ કાર્ય કરતી જોવા મળે છે. તેમાં પણ મોબાઈલ ફોન એ તો આ પ્રવૃત્તિને વેગ આપેલ છે. મનુષ્ય અન્ય કોઈ પણ વ્યક્તિ વિશેની  નબળી કે ખરાબ (dark side) બાબતને તરત જ સ્વીકારી લે છે, અને જે તે વ્યક્તિ વિષે તે પ્રમાણે ધારણા બાંધી લે છે, અને દુઃખની વાત એ છે કે તે વ્યક્તિ અન્ય વ્યક્તિઓને પણ આ બાબત વધારીને હોય તેના કરતાં વિપરીત નિર્દોષ કે નિસ્કલંક વ્યકતિનું ચિત્ર કે વ્યક્તિત્વ રજુ કરે છે. દુઃખની વાત એ છે કે કેટલીકવાર ક્ષણિક આવેશ, આવેગ, આક્રોશ કે અપેક્ષાભંગના કારણે આપણે જેને આપણા પોતાના માનતા હોઈએ તેવા સ્વજન, વડીલ, મિત્ર કે પાડોશી પણ આવી નિરર્થક અને નકારાત્મક ભૂમિકા કરતા હોય છે.

હવે આ લેખનું શીર્ષક છે તેને વિસ્તારથી રજુ કરવાનો પ્રયાશ કરીશ. કોઈ એક પુખ્ત વ્યક્તિ જે પરિવારની આવકનો એક માત્ર આધાર હોય, તેના માટે તેનો વ્યવસાય એ સૌથી વધારે પ્રાથમિકતા હોય છે; અને તેના માટે દિવસ રાત કે કામના કલાકો કે સમય જોયા વગર કેટલીકવાર તેના સ્વાસ્થ્ય કે નિદ્રાના ભોગે પણ અવિરત  કે સતત કાર્ય કરે છે. તે પોતાના પરિવાર માટે સમય ના કાઢી શકે તો વાસ્તવિકતા કે પરિસ્થિતિ સમજ્યા વગર કેટલાક અણસમજુ માતા પિતા, સંતાન કે પત્ની તેના વિરુદ્ધ કોઈ વાર કૈં પણ બોલે તો તે જંગલમાં ફેલાતી આગની માફક પ્રસરે છે; અને તે નિર્દોષ

વ્યકતિ દુષ્પ્રચારનો ભોગ બને છે, અને સમાજમાં તેની છબી ખરડાય છે. તે ટિક્કા, ઉપહાસ, કટાક્ષ કે ક્યારેક અપમાનનો ભોગ પણ બને છે.

તેવી જ રીતે કોઈ પરણિત મહિલા તેના સાસુ, સસરા પતિ, સંતાન, નણંદ કે દિયરમાંથી કોઈ એકની અપેક્ષા પ્રમાણે તેની અન્ય પ્રાથમિકતાના કારણે ના વર્તી શકે તો તે પણ આવા દુષ્પ્રચારનો ભોગ બને છે. ખાસ કરીને જે મહિલાઓ ઉચ્ચ શિક્ષિત હોય અને સારા પદ કે હોદા પર હોય તેઓ બહુધા ઈર્ષા કે પરિવારના અન્ય સભ્યોની કે પાડોશીઓની લઘુતાગ્રંથિના કારણે કેટલીકવાર મેણાં-ટોણાં, ટિક્કા અને કટાક્ષનો અનુભવ અને સામનો કરતી જોવામાં આવે છે. અનેક સફળ અને સાહસિક નારીઓએ આ પરિસ્થિતિનો સામનો કરેલ છે તેવું વાંચવા અને જાણવા મળે છે.

પુરુષો માટે સૌથી કપરી સ્થિતિ નોકરી, વ્યવસાય અને પરિવારની અપેક્ષા કે માંગણી વચ્ચે સમતોલન જાળવવાનું છે. કેટલીક વાર માતાપિતા પ્રત્યે અત્યંત લગાવ કે પ્રેમના કારણે કેટલાક પુરુષો પત્નીની અલગ રહેવાની માંગણી કે જિદનો અસ્વિકાર કરે છે, જેના કારણે ઘરસંસાર તૂટવાની નોબત પણ આવે છે. કેટલાક વડીલો તો સતત વડીલશાહીમાંથી જ ઊંચા નથી આવતા અને પોતાના માટે સો ટકા ધ્યાન આપવા અને તેમની દરેક માંગને પ્રાથમિકતા આપવાનો આગ્રહ રાખે છે; અને અવાસ્તવિક અપેક્ષાઓના કારણે ઘરમાં કંકાશ ઉભા કરીને સમાજમાં હાંસીપાત્ર બન્યાંના કિસ્સાઓ ઘણીવાર સમાચાર પત્રોમાં વાંચવા મળે છે. જેવી રીતે નોકરી કે વ્યવસાયમાં મનુષ્ય નિવૃત થઇ જાય છે તેવી જ રીતે પુત્ર કે વહુને ઘરની જવાબદારીઓ સોંપીને વડીલશાહીમાંથી રીટાયર કે નિવૃત થઇ જવું જરૂરી છે.

ગાંધીજીએ એક આદર્શ તરીકે ત્રણ વાંદરાઓની પ્રતિમા કે ચિત્ર સાથે સંદેશ આપેલ કે ,**बुरा मत देखो, बुरा मत कहो, बुरा मत सुनो**, પણ વાસ્તવિક જીવનમાં આદર્શ પરિસ્થિતિ ભાગ્યેજ આવતી હોય છે એટલે ગાંધીજીનો સંદેશ કે શીખ એક આદર્શ કે માર્ગદર્શિકા તરીકે જરૂર લઇ શકાય, પણ તેને દૈનિક અને વાસ્તવિક જીવનમાં કદાચ અમલમાં મૂકવું અશક્ય નહીં તો મુશ્કેલ લાગે છે. આ સંદર્ભમાં મને લાગે છે કે રોટરી ક્લબ દ્વારા જે ચાર માપદંડ કે ચાળણી (filers) નક્કી કરીને જેનો પ્રચાર અને પ્રસાર કરેલ છે અને જે થોડા અભ્યાસ પછી જીવનમાં પણ અમલ કરી શકાય તેવા છે; તે આપણે જે કંઈ પણ વિચારીએ, બોલીએ, જોઈએ, સાંભળીએ કે કરીએ તેને આ ચાર તબ્બકામાંથી પસાર કરીને જો કાર્ય કરીએ તો વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનમાં પણ આપણે ઘણી બધી બિનજરૂરી, નિરર્થક અને નકારાત્મક, વાતો અને પ્રવૃતિઓમાંથી મુક્ત થઇ જઈએ. આ ચાર માપદંડ નીચે પ્રમાણે છે.

- શું આ સત્ય છે?
- શું આ બધા લગતા વળગતા માટે ન્યાયી છે?
- શું આનાથી શાખ બંધાશે કે વધારે સારી મૈત્રી થશે?
- શું આ બધા લગતા વળગતા માટે લાભદાયી છે?

આપણે સૌ મનુષ્યો છીએ અને અનેક માનવીય નબળાઈઓ, ત્રુટીઓ, દુર્ગુણો અને ખામીઓ ભરેલ છીએ. પણ આ બધી નકારાત્મક ભાવનાઓ કે દુર્ગુણો સાથે એક સંપૂર્ણ નહીં તો કમ સે કમ સારા મનુષ્ય બનવાનો સાવધપણે કે સજાગ રહીને પ્રયત્ન જરૂર કરી શકીએ.

કબીરજીએ સાચું જ કહયું છે કે **बुरा जो देखन मैं चला, बुरा न मिलिया कोय । जो दिल ढूंढा अपना, मुजसे बुरा न कोई ।** તો કોઈ દાર્શનિકે પણ યથાર્થ જ કહયું છે કે 'જયારે તમે કોઈ વ્યક્તિ તરફ એક આંગળી ચીંધો છો ત્યારે યાદ રાખો કે ત્રણ આંગળી તમારા તરફ પણ વળે છે.' આ સ્થાને બચપણમાં ભણેલ એક સુંદર, સચોટ અને સરળ કાવ્ય યાદ આવે છે, જેનો ટૂંકમાં સારાંશ રજુ કરૂ છું. ઊંટ બધા પશુ પક્ષીઓની સભામાં કહે છે કે આ સૃષ્ટિ પર વાંકા અંગ વાળા કુરૂપ, કદરૂપા કે ભૂંડા અનેક જીવો છે; જેમકે બગલાની ડોકી વાંકી છે, પોપટની ચાંચ વાંકી છે, કૂતરાની પૂંછડી વાંકી છે વગેરે. આ સાંભળીને શિયાળ બોલ્યું કે 'ઊંટભાઈ અન્ય જીવોના તો એકાદ અંગ વાંકા છે, જયારે આપનાં તો અઢાર અંગ વાંકા છે.' સકારાત્મક એટલે કે કોઈ વ્યક્તિને તેની વાણી વર્તન કે વ્યવહારમાં સુધારો લાવવા માટેના શુભાશયથી તેને ખરાબ ના લાગે તે રીતે સારી, સભ્ય અને સંસ્કારી ભાષામાં સમજાવવા માટે તેની નબળી બાજુ વિશે તેને અંગત રીતે કહેવું એ યોગ્ય છે, પણ તેની નકારાત્મક બાબતો જાહેરમાં કે અન્ય વ્યક્તિઓને વધારીને કહેવું કે જેને ગુજરાતીમાં કહેવાય છે તે ઢંઢેરો પીટવો તે નિંદનીય છે. ચિત્રભાનુ મહારાજ સાહેબે પણ કહેલ છે કે '**માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા ઉભો રહું, કરે ઉપેક્ષા એ મારગની તોય સમતા ચિત્ત ધરૂં.**' સમાજશાસ્ત્રીઓ કહે છે કે તમારા વર્તન અને વાણીનો સૌથી વધારે પ્રભાવ તમારા બાળકો પર પડે છે, તેથી બીજા કોઈ માટે નહીં તો તમારા સંતાનો માટે તમે તમારા પોતાના ઘરનું વાતાવરણ તમારી વાણી, વર્તન, વર્તણુંક કે વ્યવહારથી કલુષિત ના થાય તે જરૂર જુઓ. સંસ્કાર સિંચન એ વાતોનો નહીં પણ વર્તન નો વિષય છે. તમે જે વાવશો તે જ ભવિષ્યમાં ઉગી નીકળશે.

**છીપનું મોતી :** મનુષ્યના સચોટ મૂલ્યાંકન માટે તેના વિષેના અભિપ્રાયો અને અપેક્ષા નહિ પણ અનુભવ વધારે યોગ્ય છે.

**અતીતની અટારીએથી**

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૭)''

**સોમ ધરમશી**
મો. 97267 76627



હવે અમારો મચ્છવો પણ યાત્રિકોથી ભરાઈ ગયો હતો અને મચ્છવાનાં નાખવાઓએ રાંઢવું છોડતાં લોકગીત ઉપાળ્યું...

**''ભા મુંજા હઈસો રે હઈસો, ભેરુ મુંઝા હઈસો રે હઈસો,**
**હેલી-બેલી તાણજો રે તાણજો, અલ્લાબેલી વામજો રે વામજો.''**

(ઉપરની પંક્તિમાં ફક્ત હઈસો હઈસો યાદ હતું. બાકીની આખી પંક્તિ કચ્છમિત્રનું વિશેષ પ્રકાશન ''કચ્છ તારી અસ્મિતા''-૧૯૯૬માંથી ઉતારેલ છે. લેખકશ્રી ડૉ. દિનેશ એમ. જોષીના આભાર સહિત)

આજે કચ્છમાં છેલ્લા ૧૬ વર્ષના વસવાટ દરમ્યાન અનેક સ્થળે યોજાતા લોકસંસ્કૃતિના ડાયરા, મેળામાં ગવાતા લોકગીતો સાંભળ્યા છે, માણ્યા છે. મુંબઈમાં આશરે ૨૫ થી ૩૦ વર્ષ પહેલા શ્રી લાલ રાંભિયાના કાર્યક્રમોમાં બેન ગીતા ધરોડના મુખે રસપાન કર્યું છે. આજ કાલ કચ્છમાં ગીતા રબારીની લોકગીતો ગાવામાં બોલબાલા છે. કચ્છના લોકગીતો પર ડૉ. ઝોહરાબેન ઢોલિયા એ પી.એચ.ડી. કરેલ છે. કચ્છના લોકગીતો વગડે વગડે રખડીને ડૉ. વસંત નાગડાએ તેને ટેપ રેકોર્ડરમાં કેદ કરી બાળકના જન્મથી તે અનંતની વાટે સિદ્ધાવે ત્યાં સુધીના જીવનનાં અનેક પાસાના લોકગીતો એકત્ર કરી કચ્છી નાટક આપેલ જે ડુંમરા ગામમાં ભજવાએલ એ હજી પણ માનસ પટ પર અંકિત છે. (કચ્છી લોક સાહિત્ય પર લેખ ભવિષ્યમાં આ કોલમમાં ક્યારેક કરીશ અત્યારે તો બસ આટલું જ.)

કેટલાક માલમ હલેસાથી પાણી કાપવા લાગ્યા, કેટલાક કુવાથંભ છોડવા લાગ્યા, કેટલાક સઢ ઉકેલવા લાગ્યા અને એક માલમ ધબુસા પર બેસી પતવાર ને સંભાળી મચ્છવાને દિશા આપવા લાગ્યો. ધીમે ધીમે અમે સ્ટીમરથી દૂર થવા લાગ્યા. સ્ટીમર હવે નાની દેખાવા લાગી અને માંડવી તરફની દિવાદાંડી તથા ત્યાં લાંગરેલાં મચ્છવા મોટા દેખાવા લાગ્યા.

ત્યાં તો ફકલા હમાલે સમય પસાર કરવા એક ગીત લલકાર્યું જેના શબ્દો કાંઈક આવા હતા...

**''કુંજ વિઠી આય ધરિયા જે બેટમેં,**
**ને ચુણેજો હિતે નાય પાર,**
**કુંજલડીયું હાણે હલધાંસી પાંજે ડેસ...**

મારાથી ફકલાને પૂછી જવાયું ''કુંજ એટલે કુરો'' ફકલાએ જવાબ આપ્યો ''બબાશેઠ કુંજ હી કચ્છજો પ્રખ્યાત પખી આય. હી કચ્છજો મેમાણ આય. આઉં જડે ધરિયો ખેડીધોં હોંશે તડે ઈનીજી કતાર મેં કતાર ડિઠી આય...''

કચ્છમાં વસવાટ વખતે કવિશ્રી 'તેજ'ની ''પખિયનજિયું પિરોલિયું'' પુસ્તકમાં મેં કચ્છના મેમાણ એવા કુંજલ પક્ષી વિશે વધુ માહિતી મેળવેલ. કુંજલને ગુજરાતીમાં ''કુંજ'' અને અંગ્રેજીમાં "Common Crane" કહે છે. કવિ તેજ તેની ઓળખાણ મુક્તમાં આપે છે..

**''કુણકાર કંધિર્યું કતારેં ઉડેં;**
**જિજિયું તાં જામ નકાં ત્રે તાં વેં.''**

કવિ વધુમાં વિગતવાર કચ્છીમાં લખે છે કે

*''કુંજલ બારાતુ પખી અઈ. સિયારેમેં કચ્છમેં ઉતરી પેંતા, સે ૫ હજારેંજી સંખ્યામેં. ઈનીજી આકાસ મિંજા કતાર વેંધી વૅ તૅર ગણતરી કર્યોં ત પણ પંજસો-છસોજી કતાર વૅતી. ને ઓછેમેં ઓછી ઈ ત્રેજી સંખ્યામેં તાં વૅ-જ-તી. બ નરમાધા વેંતા ને ત્રેયો ભેરો બચ્ચો વૅતો.*

*ઈ પખી ઝાડ઼તે વઈ ન-તો સગે, જમીનજો પખી આય. રાતજો કો વડો તરા ક ડેમજો આરો ન્યારેને વ્યેંતા. કચ્છમેં ''છારી ઢિંઢ'' વિસ્તાર પાણીસે સભર ભર્યો વૅ તૅર ઉતે ઘણે કુંજ ડિસજેંતા. ઈનીંજો અવાજ સુરીલો તાં ન-તો વૅ. પણ તાંભડીમેં કકરા વજેં તેડ઼ો વૅતો.''*

ઘણી વખત વૈશાખ મહિનામાં મારા ઘરની અગાસીમાં સુતો હોઉં ત્યારે વહેલી સવારની મિઠી નીદંરડી ''કૉ.. કૉ.. ના અવાજથી તુટી જતી, અને હજી તો ઉષાના રંગો આકાશમાં છવાયા હોય તેની પહેલા કુંજ પક્ષીની ફોજ કતારબંધ ઉડતી જોઈ છે.

આ કુંજલ પાસેથી મેનેજમેન્ટનો એક સૂત્ર શીખવા જેવું છે. કતારમાં ઉડતી કુંજલ માંથી પહેલી કુંજલ થાકી જાય તો તેની પાછળની કુંજલ કતારની સરદારી સ્વીકારી લે છે. નથી આ **"Team Work"**નો બેનમુન નમુનો.

કવિશ્રી તેજ આજે આપણી વચ્ચે નથી પણ જેમની પાસે તેમના સાહિત્યનો ખજાનો છે, તે વ્યક્તિને હું સૌથી

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

વૈભવશાળી માનું છું. કવિ તેજના સપ્તરંગી સાહિત્ય ઉપર તેમના ૮૫માં જન્મ દિવસના ઉપલક્ષમાં એક આગામી લેખ કચ્છમિત્રની ''મધુવન'' પૂર્તિ માટે તૈયાર કરી રહ્યો છું, જેનું મથાળું મેં બાંધ્યું છે **''તેજ ગયો... લીસોટા રહ્યા..''**

હવે અમારા મછવાના માલમો હઈસા-હઈસા ના હાકોટા પાડી સઢને યોગ્ય દિશા આપી માંડવી તરફ ધીમી પણ મક્ક ગતિએ આગળ વધારી રહ્યા હતાં. દરિયા પરથી મંદ મંદ ભીનો પવન વહેતો હતો, જેનાં કારણે મને સારૂં લાગી રહ્યું હતું. સ્ટીમરના ફેર હવે ઓછા થઈ ગયા હતા. ધીમે ધીમે પેટમાં ભુખ પ્રજ્વલિત થઈ રહી હતી. પણ નાસ્તાના ડબ્બા ફકલા હમાલે મચ્છવામાં ક્યાં ગોઠવ્યા હતા તે દ્રષ્ટિમાન થતા ન હતા.

ફકલા હમાલે મને બરાબર પકડી મારો એક હાથ દરિયાના પાણીમાં ડુબાળ્યો... મેં ઘણી કોશીસ કરી પણ દરિયાના ગોરાળુ પાણીમાં મને એકે માછલી દેખાઈ નહીં. હવે સ્ટીમર દૂર ગોટે ગોટા કાઢતી નાની રમકડા જેવી દેખાવા લાગી.

અમારી આગળ ઉપડેલ મચ્છવામાં ચંદન હતી તે મચ્છવો લગભગ માંડવીના બંદર સુધી પહોંચી ગયો હતો. ધીરે ધીરે ગતિ ઓછી કરતો અમારો મચ્છવો પણ માંડવી બંદર તરફ આગળ વધી રહ્યો હતો. પૂર્વ તરફ એક મંદિરની ઉપર ધજા ફર ફર થતી દેખાતી હતી. પાછળથી ખબર પડી કે એ સલાયા ગામમાં આવેલ કાશીવિશ્વનાથનું મંદિર હતું જે ખારવાઓ માટે અતિ શ્રદ્ધાનું સ્થળ છે. દરિયાની સફળ મુસાફરી પૂરી થતા ખારવાઓ સહકુટુંબ કાશીવિશ્વનાથના મંદિરે અને નાના લાયજા પાસે આવેલા આશાર માતાજીના મંદિરમાં માથું ટેકવવા અચુક પહોંચી જાય છે. આશાર માતાના મંદિરે ખારવા સમાજનો ચૈત્ર-વૈશાખ અને બ્રહ્મક્ષત્રિય સમાજનો આસો માસની શરદ પૂર્ણિમાના દિવસે જબરજસ્ત સામાજીક મેળો ભરાય છે. આ મેળામાં મહાલવા આજુબાજુના ગામોમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. નાના નાના ભુલકાઓને તો મજા પડી જાય છે.

આશાર માતાનો મંદિર માંડવીથી લગભગ ૨૦ કિ.મી. દૂર નાની ટેકરી ઉપર બિરાજમાન છે અને અહીંથી દરિયામાં થતો સૂર્યાસ્ત વધુ રંગીન દેખાય છે.

આશાર માતાનો દરિયા કિનારો માંડવીના મુખ્ય દરિયા કિનારા કરતા વધુ સ્વસ્છ અને સુરક્ષિત છે. અહીં બહુ ઓછા સહેલાણીઓ દરિયે નાહવા પડે છે અને કિનારા પર આવેલી ઝાડીઓમાં બહેનો સુરક્ષિત પણે કપડા બદલાવી શકે છે.

ભુજમાં આવેલ યુવાન સચદે વકિલ કચ્છના દરિયા કિનારા પર ટ્રેકીંગનું પૂર્ણિમાંની રાત્રીની આજુબાજુ માંડવીથી જખૌ બંદર સુધી આયોજન કરે છે ત્યારે આશાર માતાના દરિયા કિનારા પર તંબુમાં રહેવાની, રાત્રીના તારાઓનું નિરીક્ષણ કરવાની અને કિનારા પર ખીચડી રાંધીને ખાવાની મજા જ કાંઈક ઓર હોય છે.

હવે અમારો મચ્છવો માંડવી બંદરની સાવ નજીક આવી ગયો હતો. કાંઠા ઉપર ઉભેલા માણસો સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. કાંઠા પરથી બુમ સંભળાઈ ''એ લીલા ભાભી... ઓ લીલા ભાભી...'' અને અમારા મચ્છવામાંથી એક બહેને હાથ ઉચો કરી પોતાની હાજરી પૂરાવી.

એક વ્યક્તિએ હાથ ઉચો કર્યો, ત્યાં અચાનક ''મોટી''એ બુમ પાડી ''દાદા ઓ દાદા'' અને એક વિશાળકાય વ્યક્તિ લાંબા ખમીસમાં માથે ભજરી ટોપીમાં મોટી મોટી મૂચ્છવાળા દશ્યમાન થયા. એ હતા મારા દાદા, લાલજી રામૈયા બાપા અને તેમની સાથે તેમની બાજુમાં ઉભા હતા, કચ્છના ભીષણ તાપમાં તપી સીસમ જેવી જેમની કાયા દેખાતી હતી તે શ્રી ઉમરશી દેવશી મૈશેરી (ગામ જખૌ), મોટી મોટી મૂચ્છો અને માથે સફેદ ટોપીમાં શોભાયમાન. આજે બપોર સુધી અમારે તેમના મહેમાન થવાનું હતું.

તે વખતે તેઓ શ્રી અજિતનાથ માંડવી બંદર પરના દેરાસરને લાગીને આવેલ શેઠ નરશી નાથાની ધર્મશાળાના મેનેજર તરીકે સેવા બજાવતા હતા. તેમની સાથે અડધી બાંય વાળા ખમીસ અને અડધી ચડ્ડીમાં એક બાળક ઉભો હતો. તેમના ઘરે મહેમાન ગતિ માણતા તે બાળકે મને ઘણા બધા શંખલા અને કોડીઓ આપી હતી. તેનું નામ હતું લક્ષ્મીચંદ જેને આપણા માંથી ઘણા બધા આજે LU ના હુલામણા નામે ઓળખીયે છીએ. હાલમાં તેઓ મુંલુન્ડ (મુંબઈ)માં રહે છે.

**આશાર માતાજીની સ્થાપના...**

કેટલાક લોકો કચ્છમાં વસવાટ કરવા આવ્યા એ સમયે તેમના માતાજી હિંગલાજની વિધિવત સ્થાપના કરવા રાજદરબારમાં જમીનની માંગણી કરી, રાજ દરબાર તરફથી શરત મુકાઈ કે સાથે રાજની કુળદેવી માઁ આશાપુરાની સ્થાપના કરવી જે માન્ય કરી ત્યારે ભાડા ગામના ભાટીયા પરિવાર તરફથી તેમની આરાધ્ય માતાજી (ભગવતી)ની મૂર્તિ સ્થાપવાની માંગણી કરી જે મંજૂર થઈ અને મંદિરમાં ત્રણ મૂર્તિ બિરાજમાન થઈ, એ ત્રણ મૂર્તિનું મંદિર આજે આશાર માતાના મંદિર તરીકે ઓળખાય છે. (નોંધ આ સફર આવતા અંકમાં પુરી થશે.) (વધુ આવતાં અંકે...)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

આરોગ્ય પ્રકાશ

# દૂધ વાપરવું આયરોગ્યદાયી છે ?

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



દૂધ સદીઓથી માનવજાત વાપરતી આવી છે. દૂધ ચા, કોફી, દહીં, છાશ, માખણ, ઘી, પનીર, મિઠાઈઓ વગેરે બનાવવામાં વપરાય છે પહેલાના જમાનમાં ઘેર - ઘેર ગાય ભેંશ પાળતા અને તેનું તાજું અસલી દૂધ વાપરતાં, હવે જમાનો બદલાયો તેમ બધુ બદલાઈ ગયું. હવે આ વિવિધ પ્રકારનાં દૂધ વિશેની માહિતી જાણીએ.

**ગાયનું દૂધ :**

ગાયનું દૂધ આરોગ્યની રીતે સૌથી ઉત્તમ છે. દેશી ગાય (જેની ખૂંધ હોય) અને એમાં પણ ગીરની ગાયનું દૂધ સૌથી ઉત્તમ ગણાય છે. જર્સી ગાય (ખુંધ વગરની) દૂધ વધુ આપે એટલે તબેલાવાળા એ જ ગાય રાખે, જેનું દૂધ એટલું આરોગ્યદાયી નથી. ગાયનું દૂધ આછું પીળાશ પડતું હોય, તેમાં ૩ થી ૪% ચરબી હોય, ૮૦% પાણી હોય, ૪ થી ૫ % કેસિન અને મિથિઓનીન નામના પ્રોટીન હોય જે શરીરની પેશીઓના બંધારણમાં ઉપયોગી છે. તેમાં કાર્બોદિત પદાર્થ કેલ્શિયમ, પોટેશિયમ, સાઈટ્રિક એસિડ, વિટામીન A, B, B1, B2,C અને D પણ સારા પ્રમાણમાં હોય છે આમ પોષણની દ્રષ્ટિએ એનું મુલ્ય ઘણું છે. માતાનું દૂધ નાના બાળકને કોઈપણ કારણસર માફક ન આવતું હોય તો તેને માટે, ખૂબ પરિશ્રમ પછી થાકી જતાં માણસ માટે અને ઘડપણમાં અશક્તિ અનુભવતા લોકો માટે ખૂબ આશીર્વાદરૂપ છે. વજન વધારવા માટે દૂધમાં ઘી અને ખડી સાકર નાખીને લેવું. અનેક રોગોમાં ગાયનું દૂધ ઉત્તમ છે. ૧ કપ ગાયના દૂધમાં ૧૪૮ કેલેરી હોય છે. એમાં 'કેસિન' અને 'વે' આ બે મુખ્ય પ્રોટીન હોય છે. અમુકને ગાયના દૂધની એલર્જી હોય છે - ખાસ કરીને નાના બાળકોને થાય. એલર્જીને કારણે ચામડી પર ખંજવાળ, ચકામા, પેટની તકલીફ, ઉબકા, ઉલ્ટી, ઝાડા, શ્વસનતંત્રમાં રોગ અને કયારે ગંભીર 'એનાફાયલેકટીક શોક' થઈ શકે. ગાયનું દૂધ વધુ ટકતું નથી. તેથી એક-બે દિવસમાં ઉપયોગમાં લેવું નહીં તો બગડે.

**ભેંશનું દૂધ :**

ગાયના દૂધ કરતાં ભેંશના દૂધમાં ૧૦ થી ૧૧% વધુ પ્રોટીન હોઈ આ દૂધ ગરમીમાં પણ વધુ ટકે. બે વર્ષથી નાના બાળક અને વૃદ્ધો માટે આ દૂધ યોગ્ય નથી. કાર્બોદિત પદાર્થ, ચરબી વિટામીન, ખનીજો આ દૂધમાં પુષ્કળ હોય છે. વધુ પોષણ અને વધુ કેલેરી, વધુ પ્રોટીન ચરબી (૭ થી ૮%) અને લેકટોઝ ગાયના દૂધ કરતાં વધુ હોય છે. પેટ સારી રીતે ભરાય છે. આ દૂધ પચતા વાર લાગે છે. કેલેરી વધુ હોવાથી વજન વધે, જાડાપણું થઈ શકે. હાય બી.પી. હાર્ટ પેશન્ટ, ડાયાબીટીઝ અને પાચન નબળું હોય એવી બિમારીમાં આ દૂધ નુકસાનકારક. દેશી ગાયનું દૂધ ન મળે તો ભેંશના દૂધને ઉકાળી ઠંડુ કરી બે ત્રણ વખત મલાઈ ઉતારી લેવાથી તે પચવામાં હલકુ અને ઓછું નુકસનાકારક બનશે. ભેંશના ૧ કપ દૂધમાં ૨૩૭ કેલેરી હોય છે.

**$A_2$ મિલ્ક :**

આ દૂધમાં B કેસીન ($A_1$) નામનું પ્રોટીન નથી હોતું. બ્રીડ કરેલી ગાયના જીન્સમાં ફરક હોય છે અને આવી ગાયના દૂધને $A_2$ મિલ્ક કહેવાય છે, આ દૂધ પચવામાં હલકું આરોગ્યદાયી, વધુ પ્રોટીનવાળું (પ્રતિ ૮ ગ્રામ) હોય છે. બીજા દૂધની જેમ લેકટોઝ આમાં સરખું જ હોય છે તેથી જેને લેકટોઝની એલર્જી હોય તેને આ દૂધ પણ ના ચાલે. આ દૂધ મોંઘુ હોય છે.

આ ઉપરાંત બકરી, ઉંટડી, ગધેડી વગેરેના દૂધ વાપરવામાં આવે છે. દરેક દૂધાળુ પ્રાણીઓને 'ઓકસીટોસીન'ના ઈંજેકશન આપવામાં આવે છે. જેથી વધુ દૂધ મળે. આ ઈંજેકશન એ પ્રાણીના દૂધમાં ભળે છે જે આ દૂધ પીનારને માટે નુકસાનકર્તા છે.

**થેલીનું દૂધ :**

અમુલ, ગોકુલ, ગોવર્ધન, મહાનંદા જેવી અનેક કંપનીઓ ગાયનું-ભેંશનું, ટોન્ડ હોલ-ફુલ ફેટ દૂધ એમ અલગ અલગ પ્રકાર વેંચાય છે. તબેલામાંથી આવેલા દૂધને પ્રોસેસ કરી થેલીમાં ભરાય છે. તબેલાવાળા દૂધમાં ગમે તેવા પાણી તેમાં ઉમેરે છે જે ઘણી બિમારીઓને નોતરે છે. પાણી મેળવે છે તે છુપાવવા સ્ટાર્ચ, માલ્ટોઝ, ડેકસીન, યુરિયા અને સુકોઝ જેવા કેમિકલ ઉમેરે છે જે આરોગ્ય માટે હાનીકારક છે. દૂધની સ્પેસીફીક ગ્રેવીટી વધારવા નાઈટ્રેટવાળા તળાવના

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

પાણી ઉમેરે છે જે પેટની ગડબડ ઉભી કરે ખાસ કરીને બાળકોને અને વૃદ્ધોને. દૂધની ઘટ્ટતા વધારવા સાબુ, શેમ્પુ, વેજીબેટલ કે પ્રાણી જ સસ્તા ઓઈલ તેમાં ઉમેરે છે. તેમાં મિલ્ક પાવડર, મેલામાઈન, ન્યુટ્રલાઈઝર, સલીસીલીક એસિડ, બેન્જોઈક એસિડ, હાઈપોફલોરાઈટ ડાયમાઈકોમેટ, હાઈડ્રોજન પેરોકસાઈડ જેવા આરોગ્યને નુકશાનકર્તા પદાર્થ ઉમેરાય છે. સ્ટાર્ચ અને સુકોઝથી ઝાડા થાય ઉપરાંત ડાયાબીટીઝના દર્દી માટે ખતરનાક. દૂધની ડેન્સીટી વધારવા એમોનીયમ સલ્ફેટ ઉમેરે જે આરોગ્ય માટે હાનીકારક. દૂધની કંપનીવાળા પ્રોસેસ કરતી વખતે તેમાં એડીટીવ્સ અને વધુ ટકાવવા તેમાં ફોર્મલીન સોડિયમ કાર્બોનેટ કે બાય કાર્બોનેટ જેવા પ્રીઝરવેટીવ ઉમેરે છે, જે અમુક પ્રમાણથી વધુ હોય તો આરોગ્યને નુકસાન કરે છે. યુરિયા પ્રમાણથી વધુ હોય તો સગર્ભા સ્ત્રી, વૃદ્ધજનો અને બાળકો માટે નુકસાનકર્તા છે આને કારણે જ બાળકો વધુ ઓછી વયે જ પુખ્ત બને છે. જે સમાજ માટે યોગ્ય નથી. યુરિયા ધરાવતું દૂધ ઉંચા ઉષ્ણતામાને ઉકાળવાથી યુરિયા-એસીટીક એસિડ, એમોનિયા કાર્બોનીક એસિડ અને કદાચ બાયુરેટમાં બદલાય છે જે પેશાબના તંત્રમાં જોરદાર ઈરીટેશન આપી શકે. લૉ પ્રેશર જેવી તકલીફ પણ આપી શકે. આમ આ તમામ મિલાવટને કારણે કીડનીની તકલીફ, ઓસ્ટીઓપોરોસીસ, અલ્સરથી લઈને છેક કેન્સર જેવી અનેક બીમારીઓ થઈ શકે. WHOએ વિવિધ થેલીના દૂધની ચકાસણી કરી જાહેર કર્યુ છે કે આઠ વર્ષમાં ભારતમાં ઘણા લોકોને કેન્સર લાગુ પડવાની શક્યતા છે.

**ટેટ્રાપેક, એનર્જી જેવા સ્વાદિષ્ટ દૂધ :**

આ દરેક પ્રકારમાં સ્વાદિષ્ટ બનાવવા એસન્સ, કલર અને ટકાઉ બનાવવા પ્રીઝરવેટીવનો ઉપયોગ થાય છે જેમાં નુકસાન વિશે આપણે અગાઉ જાણ્યુ છે ભ્રષ્ટ અધિકારીઓ અને કડક કાયદાના અભાવને લીધે આવા આરોગ્યને નુકસાનકારક ખીલવાડ ચાલુ રહે છે.

**નકલી દૂધ :**

સ્ટાર્ચ, યુરિયા, મીઠું, નરમ કરેલો સાબુ, મેલામાઈન, એલોટોનીન વગેરે કેમિકલ અને ફાર્મલીન હાઈડ્રોજન પેરોકસાઈડ જેવા પ્રીઝરવેટીવ પાણીમાં નાખી નકલી દૂધ બનાવાય છે. જે દૂધનો ઉપયોગ ચા, કોફી અને અન્ય બનાવટ કે મિઠાઈ, માવો બનાવવામાં વપરાય છે. આ દૂધ પેટની, કિડનીની તકલીફથી કેન્સર સુધી ભયાનક બીમારીઓને નોતરે છે.

સામાન્ય પ્રજા તરીકે આપણે આરોગ્ય સામેની આ રમત રોકી શકતા નથી પણ દૂધનો વપરાશ તો ઘટાડી શકીએ છીએ. બાળકને ૨-૩ વર્ષની વય સુધી તો ઠીક પછી દુધની કોઈ જરૂરત નથી. સવારે અને બપોરે ચા-કોફીને બદલે તુલસીનો કાઢો, ગ્રીન ટી, ગુંદરની રાબ, ફળોનો રસ, મગનું પાણી વગેરે લ્યો અને ખરાબ કેમીકલ અને સાકરથી દૂર રહી આરોગ્યને બચાવી શકીશું. આ ઉપરાંત બદામ, નાળિયેર, સોયાબીન, કાજુ, ઓટ્સ, વગેરેમાંથી ઘરે જાતે જ દૂધ બનાવી વાપરી શકાય જેને વિગન મિલ્ક કહેવાય છે. અને એમાંથી વિવિધ - ચા-કોફી છાશ વગેરે બનાવી શકાય.

**બદામનું દૂધ બનાવવાની રીત :**

૩ કપ પાણી ઉકાળી તેમાં રાત્રે ૫૫-૬૦ નંગ બદામ નાખો. સવારે છાલ કાઢી મિક્સરમાં સહેજ પાણી નાખી બદામને બારીક પીસી લ્યો. બિલ્કુલ પીસાઈ જાય ત્યારે થોડું થોડું પાણી ઉમેરી પ્રવાહીરૂપ બનાવો. કુલ ૧ લીટર થાય તેટલું પાણી નાખો. આ દૂધમાં થોડી મિઠાશ ઉમેરવા ખજુર, કીસમીસ, અંજીર, દેશી ગોળ જે ફાવે તે ઉમેરી પીવાના ઉપયોગમાં લ્યો. આની ચા પણ સારી બને છે. ચા વાળું પાણી ઉકળે એટલે બદામનું દૂધ નાખી આ ચા લિજ્જતથી પીઓ.

**નાળિયેરનું દૂધ બનાવવાની રીત :**

લીલા નાળિયેરની જાડી મલાઈ કે શ્રીફળના બારીક ટુકડા કરી મિક્સચરમાં થોડું થોડું પાણી નાખી સ્મુધ પીસી લ્યો. ૧ નાળિયેર માટે કુલ ૪ કપ પાણી ઉમેરી દૂધ તૈયાર કરો, આ દૂધ ઢાંકણવાળા ડબ્બામાં ૩ દિવસ અને ફ્રીજરમાં એક મહિનો રહી શકે. ૧ કપમાં ૧૪૨ કેલેરી, ચરબી ૧૩.૬ ગ્રામ, ડાયટરી ફાયબર ૩.૬ ગ્રામ. આજ રીતે કાજુ, ઓટ્સ, સોયાબીન વગેરેના દૂધ બનાવી શકાય.

આમ આપણે જોયું કે ડેરી, તબેલા કે થેલીના કેમિકલ અને પ્રીઝરવેટીવથી ભરેલા આરોગ્યને ખૂબ હાનીકારક દૂધનો ઉપયોગ કેટલો કરવો તેનો નિર્ણય આપણને પોતાને જ કરવાનો છે. જો આરોગ્ય જાળવવું હોય તો બને એટલા દૂધનો ઉપયોગ ઘટાડી બીજા 'વિગના' દૂધ અને ગુંદરની રાબ, મગનું પાણી, તુલસી કાઢો, ગ્રીન - ટી, લેમન -ટી, ફળોના રસ વગેરેનો ઉપયોગ કરીએ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા) વિદ્યા વિનયથી શોભે છે**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કોઠારા પાંજરાપોળનાં પશુધનને ૫૬ વસ્તુઓ સાથેનું નિરણ અપાયું.

કોઠારા પાંજરાપોળ સંસ્થા ૧૬૦ વર્ષ જુની છે. વર્ષ ૧૯૧૮ માં આ પાંજરાપોળ શરૂ કરવામાં આવી હતી. આ પાંજરાપોળે અનેક કપરા કાળ જોયા છે, ઘણાં ચડાવ ઉતાર આવ્યા છે, છતાં પણ સખી દાતાશ્રીઓનાં સાથ - સહકાર અને સહયોગથી પશુધનને કપરા કાળમાંથી પણ ઉગાર્યા છે. આજે પણ સંસ્થા ૨૫૦ જેટલા અબોલ પશુઓનું નિભાવ કરે છે. સંસ્થા પાસે કોઈ મોટું ભંડોળ ન હોવાથી પશુઓનો નિભાવ કરવો કઠીન બની રહે છે. જન્મદિવસ, લગ્નદિવસ, પુણ્યતિથિ, શુભ પ્રસંગોએ તથા સ્વજનોની પુણ્યસ્મૃતિમાં કોઠારા પાંજરાપોળને ઉદાર હાથે દાન આપવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.

પ્રથમ દિવસે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રૃપ -મુંબઈ દ્વારા ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશ જૈન, ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલ, ઉપાધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ લોડાયા, મંત્રી કરણ દંડ, મંત્રી પ્રબોધ મુનવર તથા સર્વે કાર્યકર ભાઈ - બહેનોના માર્ગદર્શન હેઠળ વિવિધ દાતાશ્રીઓના સહયોગથી ગાય માતાઓને ૫૬ વસ્તુઓ સાથેનું નિરણ આપવામાં આવેલ. વ્યવસ્થામાં જયેશ લોડાયા, વિપુલ પટેલ, રાજેશ દંડ, હિતેશ પટેલ, વિપુલ લાલકા, નિલેશ લોડાયા, પંકજ ડાઘા, કરણ સોલંકી, મહેન્દ્ર ડાઘા, દિનેશ મોતા, વર્ધમાન લોડાયા, ઉજ્જવલ દંડ, મિત દંડ, કાન્તીલાલ લાલકા, દામજી નાગડા, હિરાલાલ જીવાણી, ઉમરશી ધુલ્લા, પ્રકાશ નાગડાએ સહકાર આપ્યો હતો.

બીજા દિવસે દાતાશ્રી સંઘવી ભાગચંદ દામજી જૈન કોઠારા, રસીલાબેન માણેકજી લોડાયા-મલુંડ, શામજીભાઈ નરશી દંડ - મુલુંડ, ઠાકરશીં લાલજી પટેલ- સાંધવ, ગોવિંદજી લાલજી પટેલ - સાંધવ, ભવાનજી નરશી દંડ - મુલુંડ, રાયચંદ નરશી દંડ-મુલુંડ, પ્રકાશ માણેકજી લોડાયા - થાણા, પ્રવિણ કુંવરજી મોતા - ડોંબીવલી, મધુરીબાઈ શામજી ડાઘા-વરાડીયા, જયાબેન લક્ષ્મીચંદ દંડ - ભાડુંપ, મુક્તાબેન કરમશીં દંડ - ભાંડુપ, મીનાક્ષીબેન વિજય ખોના -નલિયા, દેવેન તથા અજીત નવિન લોડાયા-થાણા, જેવા ભાગ્યશાળી પરિવારોના સહયોગથી શ્વાનોને રોટલા, પક્ષીઓને ચણ તથા અબોલા જીવોને મીઠી લાપસી, ભુસો, જલેબી, લીલી જુવાર, ઘઉં-બાજરાના રોટલાનું નિરણ આપવામાં આવેલ.

### હૈદરાબાદ સમાચાર



હૈદરાબાદના મેયર સૂ.શ્રી. ગદવાલ વિજયલક્ષ્મી સાથે જૈન સમાજ અને લવ ફોર કાઉ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. જેમાં રિદ્ધિસ જાગીરદાર સાથે જૈન સમાજના વિજય સુરાણા, લવ ફોર કાઉ ફાઉન્ડેશનના ચેરમેન જશમત પટેલે કોરોના કાળમાં મહાવીર હોસ્પિટલમાં થયેલા ઈલાજ તથા ગૌશાળાના સંચાલનમાં આવી રહેલી આર્થિક મુશ્કેલીઓની ચચા કરી હતી. સાથે મુકેશ જૈન, તરૂણ મહેતા, સવિતા રાયસોની ઉપસ્થિત હતા.



**ચાંદની યશ લોડાયા**

જલ્પાબેન ઉત્તીન પદમશી લોડાયા - નલિયા (નવી મુંબઈ)ના પુત્રવધુ, મીનાબેન ધનેશ મુલચંદજી છેડા - સુજાપુર (ઈંદોર)ના સુપુત્રીએ શિક્ષણ ક્ષેત્રે નીચે મુજબ સફળતા પ્રાપ્ત કરી છે. અભિનંદન.

She is Company Secretary, LLB, CA IPCC, Bcom. She has Completed Master of Business Administration in Strategic Finance from ICFAI University and has Scored All India Rank - 1 She is also aTopper in all the 4 semesters.

**Exclusive Embroidery & Upto date Finishing**

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on

## વતનના વર્તમાન
**સંકલન : કેસરસિંહ ખોના**

### પ. પૂ. સાધ્વી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. નો સર્વતોભદ્રતપ

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પ. પૂ. સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ના સર્વતોભદ્રતપનું પારણુ બાડમેર રાજસ્થાન ખાતે કરવામાં આવ્યું.

સર્વતોભદ્રતપમાં ૬૩ દિવસની શ્રેણી હોય છે જેમાં ૫૬ ઉપવાસ તથા ૭ પારણા કરવાના રહે છે. આમ કુલ ૪૧૧ દિવસ તપ ચાલે છે. જેમાં કુલ ૩૯૩ ઉપવાસ અને ૪૯ પારણા આવે.

આ ઉપરાંત સાહેબે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યા તે નિમિત્તે શ્રદ્ધાંજલિ રૂપે ૬૩ દિવસની એક શ્રેણી તથા કોરોના પીડિત વિશ્વની શાંતિ માટે ૬૩ દિવસની વધુ એક શ્રેણી મળી બે વધુ શ્રેણીની આરાધના કરી. વધુમાં બાડમેર મંડળ શ્રી ચિંતામણી પાર્શ્વનાથના ચરણોમાં ૨૭ ઉપવાસ સમર્પિત કરી કુલ ૪૪૧+૬૩+૬૩+૨૭ મળી કુલ ૫૯૪ દિવસ સુધી તપ કર્યુ છે.



### કચ્છના રાજઘરાનાના મોભી તરીકે હનવંતસિંહજીની વરણી

કચ્છના રાજ પરિવારના પ્રખ્યાત શરદબાગ પૅલેસ ખાતે પરિવારના મોભી (વડા) તરીકે દિવંગત મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજાના અનુજ–મહારાઓશ્રી મદનસિંહજીના નાના કુંવરસાહેબ હનવંતસિંહજીની તિલકવિધિ સાથે વરણી કરવામાં આવી છે. કચ્છના કુળદેવી આશાપુરામાતાની મઢ જાગીરના મહંત રાજા બાવા સાહેબ અને રાજ પરિવારની હાજરીમાં, પરિવારની સ્થાપિત પરંપરા મુજબ માતંગશ્રી ધરમશીભાઈએ તિલક વિધી કરી હતી. મઢના મહંત રાજા બાવાએ પાઘડી પહેરાવી અને પૂજનવિધિ પંડિતશ્રી કૃપાલ મહારાજે કરી હતી.

સુધારો : ગતાંકમાં બાયઠ મહાજનની જાહેરાતમાં પર્યુષણ પ્રારંભ તા. ૪.૯.૨૧ તથા ભાવિકોને તા. ૩.૯.૨૧ સુધી બાયઠ પહોંચવું એમ વાંચવું.

### ક.દ.ઓ.જ્ઞાતિજનો માટે આર્થિક સહાય

શેઠશ્રી શામજી ધરમશી છેડા તરફથી સ્વ. અ. સૌ. પ્રભાવતી શામજી છેડાની પૂણ્યસ્મૃતિમાં ક.દ.ઓ. જ્ઞાતિના અબડાસા તાલુકાના ગામોમાં રહેતા તદ્દન નિરાધાર જ્ઞાતિજનોને રૂા. ૧૦૦૦/- (રૂા. એક હજાર) ની આર્થિક સહાય આપવામાં આવશે. આવા જ્ઞાતિજનોને સહાય મેળવવા મદદ કરવા વિનંતી. આ માટે શેઠશ્રી શામજીભાઈ છેડાનો મો. નં. ૮૧૦૮૬૬૭૦૨૨ પર સવારના ૧૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધીમાં સંપર્ક કરવો. છેલ્લી તા. ૨૦.૦૬.૨૦૨૧ છે.

નોંધ લેવા વિનંતી કે જ્ઞાતિજનો માટે વૃદ્ધાશ્રમ સ્થાપવા શામજીભાઈએ પોતાનું સુથરી ખાતે મકાન દાનમાં આપવાની જાહેરાત કરી છે. વૃદ્ધાશ્રમ યોજના સાકર ન થાય ત્યાં સુધી નિરાધાર જ્ઞાતિજનોને કમ સે કમ એકવાર મફત ટિફિન વ્યવસ્થા પૂરી પાડવા મહાજનની વિનંતી છે.

### જ્ઞાતિની વસતીમાં ભારે ઘટાડો

પહેલેથી જ નીચા વૃદ્ધિ દરનો શિકાર આપણી જ્ઞાતિની વસતીમાં જાન્યુઆરીથી મે ૨૧ ના અંત સુધીના કુલ પાંચ મહિનાના ટૂંકા ગાળમાં જ ૧ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે

## બાયઠ વાસી પોલડીયા પરિવારો જોગ

સુજ્ઞ પોલડીયા પરિવારોના સર્વે સભ્યો, જય માતાજી

વિનંતી સાથે જણાવવાનું કે તા. ૨૦.૦૭.૨૦૨૧ ને અષાઢ સુદ અગીયારસના રોજ સવારના શુભ મુહુર્તે આપણા કુળદેવી પૂજ્ય શ્રી મોમાઈ માતાજીની ધ્વજા આરોહણનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો આપ સૌ પોલડીયા પરિવારોના સભ્યો સહકુટુંબ તા. ૧૯.૦૭.૨૦૨૧ સુધી આવી જશો. સ્થાનિકે બાયઠમાં રહેવા તથા પ્રસાદની વ્યવસ્થા કરેલ છે. પૂજ્ય ભુવાશ્રી જેઠાભાઈ નવસારીથી ધ્વજા આરોહણ પ્રસંગે પધારવાના છે. તો આપ સૌ જરૂરથી પધારશોજી.

**લી. મોમાઈ માતાજીને નમતા પોલડીયા**
**પરિવારોની સમિતિના જય માતાજી**

સંપર્ક : L. L. Poladiya - 99300 08339
K. V. Poladiya - 98336 60353
U. V. Poladiya - 97697 16061
Yogesh Poladiya - 97693 28808

એવી માહિતી આપતા હુબલીના ભાઈ પદમકુમાર ડી. નાગડાએ જણાવ્યું છે કે એકલા મે મહિનામાં જ જ્ઞાતિજનોનો મૃત્યુઆંક ૬૪ રહ્યો હતો. જયારે એપ્રિલમાં આ આંકડો ૬૪ જેટલો નોંધાયો છે. આની સામે નવાજન્મનો આંકડો નગણ્ય છે.

પદમભાઈએ જ્ઞાતિ સમક્ષ હાકલ કરી છે કે જ્ઞાતિની વસતી વધે એ માટે ખાસ અસરકારક પગલા લેવાની તાતી જરૂરિયાત છે.

**જ્ઞાતિના બે મુમુક્ષુની અન્ય ગચ્છમાં દીક્ષા**

કોરોનાકાળ દરમિયાન મહારાષ્ટ્રના અંબડા જિલો જાલના નિવાસી નલિયાના મુમુક્ષુ નમ્રતાબેન જયેશભાઈ વીરચંદ ધરમશીની દીક્ષાનો મહોત્સવ વૈશાખ સુદ ૧૦ શનિવાર તા. ૨૨-૫-૨૧ના રાણી બેન્નુર નગરે ઉજવાયો. દીક્ષા ઉપરાંત નમ્રતાબેન હવે સાધ્વી નિજાનંદ નિધિશ્રીજી મ.સા.ના નામથી ઓળખાશે.

બીજી દીક્ષા ડોંબીવલીવાસી ગોરખડીના મુમુક્ષુ હિતેશભાઈ ભાઈચંદ ખોનાની દીક્ષાનો મહોત્સવ હરિદ્વાર (ઉત્તરાખંડ) ખાતે યોજાયો હતો. હવે હિતેશભાઈ શ્રી હિંકારરત્નસાગર મ.સા. ના નામથી ઓળખાશે.

**બહુંતેર જિનાલયના મેનેજર રતિલાલભાઈ નિવૃત્ત થયા**



૭૨ જિનાલય મહાતીર્થ મધ્યે મેનેજર શ્રી રતિલાલભાઈ શિવજી લોડાયા અને તેમના ધર્મપત્ની શ્રીમતી નલીનીબેનનું ૨૧ વર્ષની તીર્થની સેવાની કદર સ્વરૂપે બહુમાન કરવામાં આવ્યું. પ. પૂ. આ. ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં તીર્થના ટ્રસ્ટીઓ, ચેરમેન શ્રી રવિલાલ સંગોઈ વતી તેમના સુપુત્ર શ્રી રાજીવભાઈ સંગોઈ, શ્રી વૈભવભાઈ સાવલા, શ્રી કિશોરભાઈ ભેદા, શ્રી મયુરભાઈ છેડા, શ્રી મણિલાલ ભાઈ હરિયા તેમજ નલીનીબેનનું શ્રીમતી સેજલબેન સાવલા અને શ્રીમતી ભારતીબેન હરિયાના હસ્તે વિશાળ શ્રમણ શ્રમણી ભગવંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું. સંચાલન વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાએ કર્યું હતું શ્રી રતિલાલભાઈએ સ્નેહ અને આદર સંપાદન કરી જ્ઞાતિની વિશ્વનસનીયતામાં સુંદર વધારો કર્યો છે.

**વરસાદના વરતારા**

વતનમાં વરસાદના શ્રી ગણેશ આદ્રા નક્ષત્રમાં થાય છે. જો કે દેશી પરંપરામાં નક્ષત્રોના આધારે વરસ કેવું રહેશે એની આગાહી કરવામાં આવે છે. અનુભવની વાણી મુજબ રોહિણી નક્ષત્ર જે ચંદ્રદેવની પટરાણી ગણાય તેના પ્રારંભિક ચાર દિવસ (આ વરસે ૨૪ થી ૨૮ મે ૨૦૨૧) દરમિયાન વરસાદના છાંટા કે ફોરા પડે તો પણ દુકાળ પડે. બીજા ભાગમાં ૨૮ થી ૩૧ મે દરમિયાન વરસાદના છાંટા પડે તો ઘાસ નાશ પામે. ત્રીજા ભાગ ૩૧ મે થી ૩ જૂન દરમિયાન 'મી'ના 'છંઢા' પડે તો બે માસ ૧૨ દિવસ બાદ શ્રાવણ શુકલ ૧૦ ની આસપાસ વરસાદ પડે. મૃગશીર્ષ નક્ષત્રમાં પવન ફૂંકાય તો આદ્રામાં વરસાદ મંડાય.

'રોહિણી/રોણ તપે મૃગેસર વાવાય તો આદ્રામાં વરસાદ થાય' હાલ બંને નક્ષત્રમાં ઉપરોક્ત નિરીક્ષણ પ્રમાણે અનુકૂળ સ્થિતિ છે. એક અન્ય કચ્છી લોકવાયકા પ્રમાણે આકાશીય હાલચાલને આધારે કહેવાય છે કે, 'ચઈતર ડોડો ત્તમીં બોરો' અર્થાત ચૈત્ર માસમાં છાંટાથી માંડી ભારે વરસાદ અને કરા પડવાના હેવાલ જોતા એવું માનવમાં આવે છે કે આ વરસે કચ્છમાં ભારે વરસાદની સંભાવના નકારી શકાય નહીં.

વળી સૂર્યાસ્ત બાદ આથમણે દેખાતો તેજસ્વી ગ્રહ શુક્ર (ઈવનિંગ સ્ટાર) સતત દર્શન આપતો રહે છે. આ સ્થિતિ પણ શ્રીકાર વરસાદની એંધાણી છે. અગાઉ ડુમરા વૃક્ષમાં ફળોના જથ્થાની વાત કરી હતી એ જ નિયમે જાંબુ, રાયણ, લિંબોડી, ડોરા (કેરડા) આંબા જેવા વૃક્ષોમાં લચી પડેલા ફળોના મોટા જથ્થા પણ શ્રીકાર વરસાદના સંકેત આપે છે.

**વાડીનાર - મુંદરા રો-રો ફેરી**

વાડીનાર -મુંદરા અને કંડલા વાડીનાર રો રો ફેરી શરૂ કરવાની દરખાસ્ત રજુ થઈ છે. આ પ્રકારની સેવા શરૂ થતાં સેવાના સમયમાં બચત થવાની શક્યતા જોતા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને લાભ થવાનો અંદાજ મૂકાય છે.

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત દશ સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

## કચ્છની સમુદ્રી ગાય વિલુપ્તીના આરે

સમુદ્રીગાય અથવા ડુંગોગ નામનું સમુદ્રી સસ્તન પ્રાણીનું મોઢું બાપડી ગાય જેવું દયામણ લાગતું હોઈ સમુદ્રી કે દરિયાઈ ગાયનું વિશેષણ પામ્યું છે. ચાર કરોડ કરતા વધુ વરસથી અસ્તિત્વ ધરાવતું આ પ્રાણી હવે વિલુપ્ત થવાના આરે છે. એમ આઈ. આઈ. ટી રૂડકીના પ્રો. સુનિલ વાજપેયી અને તેમના સહયોગીઓ અને વિદ્યાર્થીઓએ કચ્છના અખાતના જીવાશ્મ પર હાથ ધરેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે.

પ્રો. વાજપેયીના જણાવ્યા મુજબ ભારતના ચાર અખાતોમાં આ સસ્તન પ્રાણી મોજૂદ છે છતાં પણ એના અસ્તીત્વ સામે જોખમ નિમાર્યું છે. આ પ્રાણી કાંઠા વિસ્તારમાં પેદા થતી સમુદ્રી વનસ્પતિનો આહાર કરે છે. એના આવાસીય ક્ષેત્રમાં કચ્છનો અખાત, મુન્નારની ખાડી, પાક સ્ટ્રેટ તથા અંડામાન નિકોબાર દ્વીપ વિસ્તારનો સમાવેશ થાય છે. પ્રો. વાજપેયીના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પ્રદૂષણ, વધુ પડતી માછીમારી અને જહાજ હુમલા વગેરે કારણોથી એના આવાસીય ક્ષેત્રનો હ્રાસ થઈ રહ્યો છે. એને બચાવવા માટે તાત્કાલિક જલદ પગલા જરૂરી છે.

## પ. પૂ. કવીન્દ્ર સાગરજી મ.સા.નું ચોમાસુ વર્ધમાન નગરમાં

અચલગચ્છાધિપતિ પ.પૂ. કલાપ્રભસાગરજી મ.સા. ના આદેશ મુજબ ભુજના પરા વર્ધમાન નગર ખાતે પ.પૂ. કવીન્દ્રસાગરજી મ.સા. આદિઠાણા બેનું ચોમાસું નિર્ધારિત થયું છે જયારે ભુજ અચલગચ્છ જૈન સંઘમાં પૂ. રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૯ (નવ)ના ચાતુર્માસ નિર્ધારિત કરાયું છે.

## અબડાસામાં મનરેગા કાર્યક્રમ

અબડાસાના વરાડિયા મોથાળા વગેરે કેટલાક ગામોમાં મનરેગા યોજના હેઠળ ખાસ કરીને તળાવોના ખાણેત્રા કરાવવામાં આવી રહ્યા છે જયારે કોઠારા, ખીરસરા, કુવા પધ્ધર, પરજાઉ, વાંકુ, વારા પધ્ધર, રાયગઢ તાલુકા વિકાસ અધિકારી જયપ્રકાશ ગોરના જણાવ્યા મુજબ મનરેગા હેઠળ ઓછામાં ઓછા ૧૦૦ દિવસની રોજગાર બાંહેધરી અને મહત્તમ રૂા. ૨૨૯ દૈનિક મજૂરી આપવામાં આવે છે. ગોર દ્વારા વધુમાં જણાવ્યું કે જે કોઈ ગ્રામ મનરેગા યોજના લાગુ કરવાની માગણી કરે તે સ્વીકારી લેવાય છે.

## વીરાયતન સહાય યજ્ઞ

વીસ વરસથી શિક્ષણ અને સેવા તથા સાધના ક્ષેત્રે પ્રવૃત્ત વીરાયતનનો સેવા યજ્ઞ હજી આગળ વધી રહ્યો છે. વિરાયતન સંસ્થાએ શિક્ષણ અને આરોગ્યને પ્રાથમિકતા આપી લગભગ ૩૦૦૦ રાશનકિટ તથા હેલ્થકીટનું વિતરણ શરૂ કર્યું છે સાથે જ ઓકસીજન કોન્સનટ્રેટરની સર્વિસ પણ નિઃશુલ્ક આપશે. વિરાયતન સંસ્થાએ કોરોનાના ભોગ બનેલા વાલીઓના બાળકો અને યુવાઓના શિક્ષણમાં મદદ કરશે જેમાં વિદ્યાર્થીઓના આવાસ ભોજનની નિઃશુલ્ક સગવડનો સમાવેશ છે.

## અબડાસા કચ્છનું મોટું બાંધણી હબ

સામાન્યપણે અંજાર, ભુજ, ભુજોડી બાંધણી કસબના કેન્દ્ર હોવાની આમ માન્યતા છે પણ અબડાસા તાલુકો પાછળ પડે તેમ નથી. અબડાસાના સંખ્યાબંધ ગામોમાં કુલ ૧૦,૦૦૦ જેટલા બાંધણી કસબીઓ જુદા જુદા ગામોમાં વસે છે અને આપણી પંચતિર્થીનું મહત્વનું કેન્દ્ર તેરા બાંધણી કળાનું પણ મોટું મથક છે.

મળતી માહિતી પ્રમાણે તેરા, નલિયા, કોઠારા, જખૌ, સુથરી, ડુમરા, વરાડિયા, ધુફી, મોથાળા, મંજલ જેવા આપણી જ્ઞાતિના ગામો બાંધણીના કેન્દ્ર છે જેમાં હેરિટેજ વિલેજ તેરામાં તો બાંધણી કસબનો ઈતિહાસ ૧૫૦ થી ૨૦૦ વર્ષ જૂનો છે. અહીં અનેક પરિવારો વંશ પરંપરાથી બાંધણી કસબમાં પ્રવૃત્ત છે. તેરાની બાંધણીની અનેક જાતો વિખ્યાત છે.

અબડાસામાં લગભગ ૩૦૦૦ કુશળ કસબીઓ છે જયારે ૭૦૦૦ જેટલા અર્ધકુશળ કસબીઓ છે. કારીગરો કામના કલાક મુજબ દિવસના મહલિાઓ રૂા. ૨૦૦ અને પુરૂષો રૂા. ૫૦૦ કે વધુની કમાણી કરી લે છે.

તેરાની પેઠણી જરીનું બાંધણીમાં વપરાતું કાપડ લગભગ રૂા. એક લાખ કે વધુનું થાય અને એની બાંધણી મજૂરી રૂા. ૧૮૦૦૦ કે વધુ થાય. એમાં કુશળ કારીગરોને ચારથી પાંચ મહિના લાગી જાય છે. પૈઠણી બાંધણી સિવાય બનારસી સાચી જરી, ડુપ્લીકેટ/ખોટી જરી, ચાંદરાખણી મેમણ કોમની ડેઢો બાંધણી, જાડી ભિંડી બાંધણી વગેરે અનેક જાણીતા સિલ્ક/કોટન વગેરે કપડા પર તૈયાર કરાય છે. નવાઈની વાત એ છે કે બધા કસબીઓ આ માટે કોઈ જાતની સરકારી રાહત/સબસીડી લેતા નથી.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કિર્તી મુલજી ધરમશી**<br>PS 1070 (ગામ : સુથરી) | 902, સૃષ્ટિ સોલીટેર, જૈનમ બેન્કવેટ હોલ પાસે,<br>LBS માર્ગ, ભાંડૂપ (વે), મુંબઈ 400 078<br>(M) 099205 62010 |
| **ઝવેરચંદ વેરશી ધુલ્લા,**<br>PS 2499 (ગામ : ભરૂડીયા) | વિરેન ધુલ્લા, 404, સીલ્વર લાઈન સોસાયટી,<br>જે.બી. નગર સોસાયટી પાસે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ 400 059<br>(M) 098670 88499 |
| **હર્ષદ લાલજી લાપસિયા**<br>PS 7401 (ગામ : દલતુંગી) | 1002, દશમે માળે, ઈબ્રાહિમ રેસીડેન્સી,<br>લકી હાઉસ ટાવર, બાપુરાવ જગતાપ માર્ગ, સાત રસ્તા,<br>બેંક ઑફ બરોડા પાસે, મહાલક્ષ્મી, મુંબઈ 400 011<br>(M) 093240 96407 |
| **રમેશ ચાંપસી મોતા**<br>PS 2836 (ગામ : કોઠારા) | A-703, પૂનમ પાર્ક વ્યુ, યેઝૂ પાર્ક પાસે,<br>ગ્લોબલ સીટી, વિરાર (વેસ્ટ), MH 401 303<br>(M) 093264 66332 |
| **મિલન જીવરાજ દંડ**<br>PS 7332 (ગામ : રંગપૂર) | C-302, મીનાક્ષીપૂરમ, સિંહગઢ કોલેજ રોડ,<br>વડગાંવ, બૂદ્રૂક, પૂના, MH 411 041<br>(M) 099302 54744 |

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૫-૨૧ | ન્યૂઝીલેન્ડ | વિહાના, દિપ્તી અમીત કિરીટ (જીવાણી)મુનવર | જખૌ | પુત્રી |
| ૨૨-૦૫-૨૧ | ખંડવા (મ.પ્ર.) | પ્રિયાંશ, ભાગ્યશ્રી વિવેક નિરંજન લોડાયા | રાપર | પુત્ર |
| ૨૬-૦૫-૨૧ | ચાલીસગામ | નીલ, મીનલ હેમંત કુલીનકાન્ત શાહ | વારાપધર | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૬-૨૧ | આદિપુર | રોનક પ્રતાપભાઈ આણંદજી મોતા | રાપર ગઢવારી | ૨૭ |
| | માટુંગા | હરનીશ ચંદ્રેશભાઈ ચૂરલા | સાંધાણ | ૨૭ |
| ૧૧-૦૬-૨૧ | જલગાંવ | ચિરાગ દિનેશ કુલીનકાન્ત લોડાયા | બારોઈ | ૩૦ |
| | શેગાંવ | જયશ્રી વિનય લક્ષ્મીચંદ મૈશરી | જખૌ | ૨૯ |
| ૧૪-૦૬-૨૧ | હૈદરાબાદ | મિહિર ગિરીશ પદમશી મોતા | કુઆપધર | ૨૬ |
| | તીરપુર | કિંજલ ચેતન માણેકજી નાગડા | પરજાઉ | ૨૨ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૫-૨૧ | જમશેદપુર | રોહિત ગણેશન | બેંગ્લોર | ૨૭ |
| | બેંગ્લોર | એકતા ગૌતમ ધરમશી | કોઠારા | ૨૬ |
| ૧૬-૦૫-૨૧ | મુલુંડ | રાજ સંદિપ નવીનચંદ્ર શાહ | ભુજ | |
| | મસ્જીદ બંદર | મિત્તલ તિલેશ તારાચંદ ધરમશી | સુથરી | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૫-૨૧ | મુલુંડ | ઋષિલ નરેશ ગીરધરલાલ શાહ | પાલીતાણા | |
| | થાણા | સિદ્ધિ નીતિન મુલજી લોડાયા | સૂજાપૂર | ૨૪ |
| ૦૪-૦૬-૨૧ | મુલુંડ | વિરલ જિતેન્દ્ર ખંતીલાલ શાહ | શિહોર | ૩૩ |
| | મુલુંડ | રચિતા લક્ષ્મીચંદ લાલજી નાગડા | રંગપુર | ૩૨ |
| ૧૧-૦૬-૨૧ | માટુંગા | વંશ ગિરીશ બાબુલાલ લોડાયા | ગોરખડી | ૨૭ |
| | સાયન | યશવી પરીન ઉષાકાન્ત દામાણી | ચોરવાડ | ૨૬ |

**જ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૫-૨૧ | ખામગામ | આનંદ નયન કેશવજી નાગડા | તેરા | ૨૯ |
| | આદિપૂર | નીરાલી મહેશ ખીમજી લાલકા | વારાપધર | ૨૮ |
| ૨૦-૦૫-૨૧ | મુલુંડ | દીપ રાજેન્દ્ર લોડાયા | મોટી ખાવડી | ૩૧ |
| | ડોંબીવલી | નીશા ચંદ્રકાન્ત મોતા | ગોરખડી | ૩૧ |
| ૨૪-૦૫-૨૧ | માધાપર | વિશાલ લક્ષ્મીચંદ નથુભાઈ હેફા | સુથરી | ૨૯ |
| | કોઠારા | ખુશ્બુ મહેન્દ્ર ચત્રભુજ નાગડા | કોઠારા | ૨૫ |
| ૦૩-૦૬-૨૧ | માટુંગા | નિકુંજ નિતીન વેલજી કુરૂવા | ગોધરા | ૩૨ |
| | હૈદરાબાદ | લીસા ધનેશ કાંતીલાલ લોડાયા | કોઠારા | ૨૮ |
| ૦૬-૦૬-૨૧ | હૈદરાબાદ | સચિન ભરત પદમશી મોતા | કુઆપધર | ૩૪ |
| | હૈદરાબાદ | પ્રિયંકા શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | ૩૦ |
| ૦૬-૦૬-૨૧ | ચાલીસગામ | અંકિત કિશોર મણીલાલ ધુલ્લા | ભરૂડીયા | ૩૩ |
| | ઘાટકોપર | મિત્તલ રાજેન્દ્ર રાયચંદ ખોના | ધ્રાફા | ૨૫ |

**આંતરજ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૬-૨૧ | અમદાવાદ | હેમન રોહિત કુલીનકાન્ત લોડાયા | નલિયા | ૪૦ |
| | સુરત | સ્નેહા મોહનન કોલલમ | કેરાલા | ૩૮ |
| ૦૭-૦૬-૨૧ | પારોલા | ભાવિન ગુલાબચંદ નાગડા | જખૌ | ૩૫ |
| | જયશબાદ(કર્ણા.) | હર્ષિતા ચેન્નૈયા વાણી | | ૩૦ |

**છુટાછેડા**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૧-૨૧ | હૈદરાબાદ | હર્ષિતભાઈ રાકેશભાઈ નાગડા | તેરા | ૨૭ |
| | માધાપુર | ભૂમિ હેમંત જીવાણી | જખૌ | ૨૬ |
| ૧૬-૦૪-૨૧ | બેંગ્લોર | નિખીલ ગુલાબચંદ છેડા | નલિયા | ૩૫ |
| | ખીરકીયા | માસુમી હેમચંદ નાગડા | લાલા | ૩૩ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૬-૨૧ | બેંગ્લોર | વનપાલ ગોવિંદજી ધરમશી | છાદૂરા | ૬૬ |
| ૦૧-૦૬-૨૧ | વડોદરા | લક્ષ્મીબેન વેલજી દંડ | લાલા | ૮૫ |
| ૦૨-૦૬-૨૧ | મસ્જીદબંદર | ઉત્તમચંદ ત્રીકમજી મુનવર | જખૌ | ૮૨ |
| ૦૨-૦૬-૨૧ | ભૂજોડી | વર્ષાબેન (કલ્પના) વિજય લોડાયા | રાપર | ૫૨ |
| ૦૨-૦૬-૨૧ | અંધેરી | કુલિનકાંત શીવજી લોડાયા | નલિયા | ૭૫ |
| ૦૩-૦૬-૨૧ | માટુંગા | હિરાલાલ કાનજી લોડાયા | સુથરી | ૭૪ |
| ૦૩-૦૬-૨૧ | ડોંબીવલી | જયંતીલાલ દામજી નાગડા (કક્કા) | નલિયા | ૮૧ |
| ૦૬-૦૬-૨૧ | ડોંબીવલી | વેલબાઈ ટોકરશી લોડાયા (ટિકીટવાલા) | રવા | ૮૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૬-૨૧ | ઘાટકોપર | લીલાવંતી જગતસિંહ લોડાયા | કોઠારા | ૮૪ |
| ૦૭-૦૬-૨૧ | થાણા | રતિલાલ વિશનજી નાગડા | જખૌ | ૮૩ |
| ૦૭-૦૬-૨૧ | કોચીન | જિતેન્દ્ર પદમશી ધરમશી | સાંયરા | ૬૮ |
| ૦૭-૦૬-૨૧ | બદલાપુર | દિપક લખમશી છેડા | નલિયા | ૬૪ |
| ૦૭-૦૬-૨૧ | અંધેરી | વિણા કુલીનકાન્ત (ઓસવાલ) લોડાયા | નલિયા | ૭૬ |
| ૦૭-૦૬-૨૧ | મલકાપૂર | છત્રપતિ નરશીભાઈ દંડ | વરાડીયા | ૭૩ |
| ૦૯-૦૬-૨૧ | અકોલા | નવલભાઈ લધૂભાઈ લોડાયા (પટેલ) | વારાપધર | ૯૭ |
| ૧૨-૦૬-૨૧ | કોઈમ્બતૂર | હેમાંગ બકુલ ખોના | મોટી ખાવડી | ૩૫ |
| ૧૫-૦૬-૨૧ | અમદાવાદ | મનિષ નવીનચંદ્ર મોતા | લાખણીયા | ૩૩ |
| ૧૫-૦૬-૨૧ | કોટનગ્રીન | હીરાવંતી રમેશ લૂઠીયા | નાની ખાવડી | ૭૧ |

**વિશેષ નોંધ :** જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી.
**- તંત્રી મંડળ**

**વિચાર વર્તુળ**

# શ્રદ્ધા

**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**
**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**



માનવી ગમે તેટલો ભરોસો, સમજદાર કે સાધન સંપન્ન હોય પણ જયારે એને કોઈ મુસીબત ઘેરી લે છે અને એમાંથી છુટવાનો કોઈ માર્ગ નથી જડતો. ત્યારે તે શ્રદ્ધાના બળે તે સમસ્યાનું નિરાકરણ ઢુંઢવાની પેરવી કરે છે. પછી ભલે તે આસ્થાના મૂળમાં ધર્મ, જયોતિષ, ગ્રહો, દેવદેવીઓ, સંતો વગેરેનો સહારો તેને લેવો પડે. લગભગ નેવું ટકા લોકો આ પ્રકારનો રસ્તો અપનાવવાની કોશીશમાં હોય છે.

જયારે માનવીની આસપાસ નિરાશા ચક્કર લગાવે છે. માનવીનું મનોબળ તુટતા વાર નથી લાગતી. આવા સમયે જયારે તેને કોઈ સાચા સાથીદાર ન મળે તો તેને અચૂક જ બીજી ચીજોની સદાય લેવી પડે છે. કદાચ ખરાબ સોબતનો શિકાર પામતા તેને વાર નથી લાગતી. પણ જો આવા સમયે માણસ શ્રદ્ધાના બળે પણ જો તરી જાય તો એમાં ખોટું પણ શું છે ??

ખરેખર ધર્મની શ્રદ્ધા જેવો વિકલ્પ બીજો કોઈ જ નથી. એમાં માણસે ગુમાવવાનું કંઈ જ નથી અને ફક્ત મેળવવાનું જ છે., ધર્મનું શરણ એટલે ઈશ્વરનું શરણ, દુનિયાના સર્વશ્રેષ્ઠનું શરણ, માટે ભલે આપણે ધર્મને છેતરી શકીએ પણ ધર્મ આપણને કદી પણ છેતરતો નથી.

માણસ ભૂલો કરે, છેતરાય, ખોટા કામો કરે, અને એમાં જયારે ફસાય ત્યારે આવા બધા છટકબારીના નુસખા ગોતવા લાગે. શ્રદ્ધાના બળે માણસ આત્મવિશ્વાસ તરફ આગળ વધી શકે છે. અને નિરાશાના કુંડાળામાંથી જલ્દીથી બહાર પણ ફેંકાઈ જાય છે. અને સ્વસ્થ તન, મન, જ માણસને સાચી શક્તિ પ્રદાન કરે છે. નિષ્પક્ષ અને સત્યના માર્ગ ઉપર તેને ચાલવાની શક્તિ અને પ્રેરણા આપે છે.

માણસ જે જે સહારાના મદદથી તરયો હોય, મતલબ કે તેની સમસ્યાનું નિરાકરણ જેના થકી થયું હોય તે સહારા માટે તેની ગ્રંથી બંધાઈ જાય છે.અને પછી હંમેશા તે એને જ કેન્દ્રબિંદુમાં રાખી સમસ્યાનું નિરાકરણ કરવાની કોશિષ કરે છે. દરેકે દરેક વખતે આમાં સફળતા નથી મળતી અને પૈસા, મહેનત, સમય વગેરેનો પણ આમાં વ્યય થાય છે. માટે ઈશ્વરનો સંકેત જો સર્વોપરી માની કર્મોની થીયરીને માન આપી અને આપણે વર્તીશું તો આ બધી ઝંઝાળમાંથી હેમખેમ પાર પડીશું.

આસ્થાનું અસ્તિત્વ અકબંધ છે. શ્રદ્ધા શ્રેષ્ઠ છે. પણ માનવીનું મન મતલબી છે. માટે જ માનવના મનોબળનું મનન કરો,

અહીં અસત્યની રાહ ઉપર ચાલનારા, બીજાને તકલીફ આપનારા, ખરું ખોટું કરનારા, દગો, કપટ કરનારા, એવા માણસોને શ્રદ્ધાનું ગ્રહણ તો લાગવાનું જ, ને લાગવાનું જ, ને લાગવાનું જ !!

# NEXT GENERATION- A PLEASANT EXPERIENCE



**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

Our Epics, films, stories and media caricature the heirs, who fought for parents' wealth or those who wasted their lives in the privileges offered by their parents' income. Further our psychological Negative Bias - collective hunger to hear or read and remember bad news is so overpowering that positive news is hardly highlighted. But life is very strange than fiction and progresses on contradictions.

Few days back a 76 year old, a close KDO friend of mine, who is not keeping good health, rang up and in a very ecstatic tone told that, "I had a pleasant surprise of my life and would like to share with you." Naturally I was also curious.

He told that, "Keeping in mind age factor and health condition of both of us, we thought of distributing our wealth among our daughters and grand children. After keeping a portion for ourselves, we made 10 equal parts. Each part had a good amount from today's standards. We had a family get together in this lock down period. Not all could come. Still there were seven. After exchange of few pleasantaries, we made an announcement of our intention and how much will be each equal part."

There was a total silence of an operation theatre. After a minute or so, each started expressing their responses. To our surprise no one wanted a single Rupee from our wealth. Even the others who were on video call, declined.

Unanimously, all said in one voice that, "we should use our wealth on us or the way we desire and not to give them."

He told that "We were dumb stuck. We also felt proud and overwhelmed because day in and day out we hear stories of ill treatment, including murder, of parents by children for the sake of money. We wondered how in this Kalyug Satyug has appeared?"

Later on we both were pondering over the entire episode.

This illustrated a slice of a new generation with a refreshingly generous attitude towards other people's money and not everyone is an entitled brat.

We slipped back to half a century of our married life and were considering the we earned and spent . We were too harsh on ourselves in the fear of an uncertainty in future. We denied ourselves many pleasures of the present day by putting aside money for children while leading a frugal life.

What could be the reasons for such a noble response of our children and Grand Children. There could be many reasons. Answer is not simple. It could be our upbringing and/or education. It could be because we had only daughters. It could be that they are all well off . They love and respect and are grateful to parents or grand parents. It may be because of their life experiences. It could also be due to the changing times. There exists a sizable portion of the next generation that does not want to live on the wealth created by the parents. These children meticulously brought up with great intelligence by parents with many inputs and facilities, after finding themselves a job, many of these children hold the view that the parents have done enough and nothing should further be paid by them. It is now parent's turn to recieve.

My friend concluded that,

"When children shun money, we were wondering what to do. We had not planned for it. This is a different subject by itself. And for us both the age and health is against us. We have lived a very satisfying life. So we leave it to God. He will show the way."

# MANGO AFTER 'ARDRA'? NO, NO!



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Whenever we go to a supermarket for buying food products, one thing we always note before purchasing a product is its expiry date. Later at home, we make sure that we consume that food product before it's expiry date. In case, any of the product is left beyond its expiry date, we dispose it off because we are well aware, that any product consumed or used after its expiry date will be harmful for us.

Similarly, Jain Scriptures have prescribed time limits for consumption of different types of food, taking into account many factors including the climatic changes and prohibited us for consuming food that would have deteriorated over time. There is a detailed description of food code in our Scriptures as to what food should be consumed, how it should be consumed, what is the time limit till which it can be consumed, how it can be preserved etc., so that it not only causes least violence to plants and other one-sensed life, but also helps the follower to maintain a sound physical and mental health helping him to progress on his spiritual path.

For Jains, every year mangoes can be consumed only till the onset of 'Ardra Nakshatra', which is usually in the month of June. This year, it sets in from 21st of June, just a day after this article is published. Let us first understand what is this Ardra Nakshatra. It is 6th of the 27 zodiacal constellations as defined by ancient Indian astrology. Ardra, is symbolised as a teardrop, and this Sanskrit word can be translated as wetness, “the moist one”, “green”, or “fresh”. It can be clearly understood by its meaning that this nakshatra is a harbinger of rain. Though rains usually begin with Mrigashirsha Nakshatra, they actually set in with full force as soon as the sun enters Ardra Nakshatra. Our seers believed that as soon as there is excessive humidity in the air, mangoes are attacked by bacteria and invisible microorganisms start developing in the fruit. So, the 'king of fruits' mango, once infected by living bacteria becomes harmful for consumption, as it can have an adverse effect on our moral and mental states.

Let us know see what scientific research has to tell us. There is a major pre and post harvest fungal disease ' Anthracnose', which attacks mangoes. It is more severe during the rainy season and many cycles of the disease can occur as fungus which continues to multiply in the season. The infection generally begins on the tree when mangoes are raw and rapidly develops on the softer yellow skin as the fruit ripens. There is enough evidence to prove that black spots seen on mangoes are due to fungal and bacterial beings within,which keep on multiplying and lead to more Himsa. Moreover, in order to control the destruction of the crops due to Anthracnose, farmers resort to spraying, dousing and soaking mangoes in fungicides which carry their own health hazards.

Some varieties of mangoes come to the market after Ardra has set in but they too are considered as 'abhakshya'( non- consumable). From Ardra, till Vishaakha Nakshatra sets in (Kartik Purnima), mangoes should not be consumed. Mango juice should not be mixed with unboiled milk as it is considered as 'Dwidal'. For making pickles, raw mangoes need to be properly dried in the sun for 3-7 days. Based on the preparation method, these pickles also have an expiry date for intake.

Jains acknowledge every living being's inborn desire for life as stated by the Dashavaikalik Sutra, **“savve jiva vi icchanti jivium na marijjium”** meaning: “**All creatures wish to live, and not to die”**, and 'Ardra' is Nature's alarm which awakens jains to their responsibility towards the non-violence for the conservation of all forms of life.

## Effects of Social Media on Young People

In modern life, social media is developing fast. It is used by many people all over the world. Social media is especially very popular among the youth . However, there are many young people can not get out into social meida. They lost thier precious time into social media and they do not know what dose the surrounding goes on.

First of all , social media distract the study of the students they get less numbers. And on online lectures the students join lecture but they cannot focused on thier studies. When the professor starts the teaching they use social media instead of study. They always check their cellphones every five minutes to see what is going on on social media. Moreover, not only at school but also at home these young students who are addicted to social media do not do exercise or read the new lesson before going to school, because they are busy with social media. Addiction to social media causes a bad habit in studies. It can change a young person from an excellent student to a bad one.

And using social media too much will have a serious impact on health. Because the young are addicted to social media, they will go to bed late to read news on Facebook or chat with friends. Staying up late is really harmful to the health, especially, the brain. If the young do not sleep enough, their health will be affected seriously by losing weight or always feeling tired. Their brains also will not work effectively and they will be in sleepy condition. Moreover, addiction to social media can cause depression in the young. When the young use social media, they will see other people on social media.



Jinal Vijay Dharamshi
Gorakhdi (Dombivli)
Email - jinal.dharamshi@gmail.com

When I am able to experience the inner state of calm, I am able to be clear in my thinking. With this clarity I find the right decisions and solutions emerging very naturally within my mind. I will never have the difficulty of having to make decisions, but all decisions are made with ease and they are right too. - B. K. Shivani

## Indian Culture

First of all, Indian origin religions are Hinduism, Buddhism, Jainism, and Sikhism. India having 29 state 7 union territories 22 official language All of these religions are based on karma and dharma. Furthermore, these four are called as Indian religions.

Indian culture has been an inspiration to many writers, also India is a country of rich culture where people of more than one religious cultures lives together.. india having many religions like hindu muslim sikh etc.. and also india is a famous country all over the world for culture and traditions..The property of togetherness among people of various cultures and traditions has made India, a unique country.

The culture of India is the oldest culture of the world around 5,000 years. Indian culture is considered as the first and supreme culture of the world.. the national language of india is hindi but there are 400 other languages are there which daily use to speak in india in different states like Bengali,Marathi Gujarati,Kannad, nimadi etc.As we know that people of India they have own festival and fairs and celebrate according to their own rituals. People follow variety of food culture like beaten rice, bonda, bread omlette, banana chips, poha, aloo papad, puffed etc. People of other religions have some different food cultures like sevaiyan, biryani etc

Also India celebrates many festivals like ok two national festivals like independence Day a and republic Day.As father of India Mohandas Karamchand Gandhi said that.A nation's culture resides in the hearts and in the soul of its people.As India is a country where people live together independently celebrate their festivals regions that's why we called all Indians are my brothers and sisters we stay together live together



Siddhi Vijay Gosar
Goresama (Sendhwa - mp)
Email id: siddhigosar1106@gmail.com

# મળવા જેવા માણસ...

## શ્રી અશોક દામજી શાહ (નાગડા) - નલિયા (લોનાવાલા) (હિરજી ભારમલ નાગડાના પૌત્ર)



આજે હું એક અલગ પ્રકારની વ્યક્તિથી આપને પરિચિત કરાવીશ, કે જેને વિન્ટેજ કાર તથા મોટર સાયકલ કલેકશનનો રજવાડી શોખ છે. તો આવો આપણે જાણીએ કે તેમણે આ સ્વપ્ન કઈ રીતે જોયું અને પરિપૂર્ણ કર્યું.

હું વાત કરી રહ્યો છું નલિયા (ઘાટકોપર)ના સુપ્રસિદ્ધ કે.ડી.ઓ. શ્રી હીરજી ભારમલ નાગડાના પૌત્ર શ્રી અશોક દામજી નાગડાની કે જેઓ લોનાવાલા રહે છે. મુંબઈથી લોનાવાલા સ્થળાંતર કરવાનું એક કારણ તેમનો કાર કલેકશનનો શોખ પણ ગણી શકાય. શ્રી અશોકભાઈ કાર, મોટરસાઈકલ ઉપરાંત કેમેરા, રેડિયો, ઘડિયાળ, પોસ્ટલ સ્ટેમ્પ એકત્રિત કરવાનો શોખ પણ ધરાવે છે. આજે તેમના કાર અને મોટરસાયકલના શોખ વિશે જાણીશું. ૧૩ માર્ચ ૨૦૨૧ના શ્રી અશોકભાઈને મળવાની તક મળી હતી ત્યારે મેં વિચાર્યું હતું કે ત્રણ-ચાર અઠવાડિયા પછી અનુકુળતાએ રૂબરૂ મળીને તેમની મુલાકાત લઈશ પણ એ શક્ય ના બન્યું એટલે અમેરિકાથી જ મેં તેમની ટેલિફોનિક મુલાકાત લીધી છે. (અત્યાર સુધીની બધી વ્યક્તિઓની મુલાકાતો ટેલિફોનિક રહી છે. અશોકભાઈની મુલાકાત પ્રથમ રૂબરૂ મુલાકાત બની હોત, પણ એ ન થઈ શક્યું)





શ્રી અશોકભાઈએ પુના ખાતેના કૃષિ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરી બી.એસ.સી (એગ્રીકલ્ચર)ની ડિગ્રી મેળવી છે. અશોકભાઈ ચામડાના ચીજ વસ્તુઓ તથા પેકેજીંગ વ્યવસાયમાં પ્રવૃત્ત છે. તેઓ ૬ થી ૭ વરસ સુધી ન્યુયોર્ક (યુ.એસ.એ.) માં વ્યવસાયાર્થે રહ્યા છે.



**પ્ર.સ. :** અશોકભાઈ, આપને વિન્ટેજ કારનું આકર્ષણ કેમ થયું ? તમને આ વિશે પ્રોત્સાહન કઈ રીતે મળ્યું ?

**અશોકભાઈ :** મારા દાદાજી શ્રી હિરજી ભારમલ પાસે ૭ ગાડીઓ (કાર) હતી એટલે નાનપણથી જ હું ગાડીઓ વચ્ચે મોટો થયો છું. એમાં એક 'મોરીસ' કાર હતી જેમાં અમે બધા બાળકો રમતા રમતા મોટા થયા. આ કાર રનીંગ કન્ડીશનમાં ન હોવાથી રમવા માટે ઉપલબ્ધ રહેતી. એક દિવસ મારા પરિવારે આ ગાડી રૂા. ૭૫૦/- માં વેચી દીધી અને આ કારણે મને ખૂબ દુઃખ થયું. એ પછી મેં વિન્ટેજ કાર કલેકટ કરવાનું નક્કી કર્યું.



**પ્ર.સ. :** તમે પહેલી વિન્ટેજ કાર ક્યારે મેળવી ?

**અશોકભાઈ :** હું પુના ખાતે કોલેજમાં ભણતો હતો ત્યારે નિયમિત રીતે ગુડલક કેફેમાં જતો હતો. આર્કીટિક વી.વી. બડવેની ઓફિસ આ કેફેની સામે જ હતી અને એમના ગેરેજમાં ૧૯૨૯ ની ડોઝ કાર પાર્ક થયેલી રહેતી. મને આ કાર પ્રત્યે ખૂબ જ આકર્ષણ રહેતું તેથી એક દિવસ હું શ્રી બડવેની ઓફિસમાં જઈ પહોંચ્યો અને કાર વિશે પૂછ્યું. એ કાર તેમના પિતાજીની હતી અને તેઓ તેને વેચવા ઈચ્છુક નહોતા પણ જે કોઈ આ કારને સારી રીત સાચવે એને ભેટ આપવા ઈચ્છતા હતા. આ તક મેં ઝડપી લીધી. તેઓએ મને આ કાર ૧૯૭૬માં ગીફટ આપી. મેં આ કારને રીપેર કરાવી હતી. અને કહેતા આનંદ થાય છે કે આજે પણ આ કાર રનીંગ કન્ડીશનમાં છે.



**પ્ર.સ. :** આપની અન્ય કાર્સ વિશે જણાવશો ? મને જાણવા મળ્યું છે કે આપે પ્રખ્યાત પરિવારો પાસેથી પણ કાર ખરીદી છે ?

**અશોકભાઈ :** મારી બીજી કાર હતી શેવરોલેટ (૧૯૩૪ નું મોડેલ), જે ટી.વી.એસ. ગ્રુપના ચેરમેન શ્રી રતન્મની હતી અને મેં ૧૯૮૬માં ખરીદી. ૧૯૮૭માં મેં ઈંદોરના નોસેરવાન ગોદરેજ પાસેથી ત્રીજી વિન્ટેજ કાર શેવરોલેટ (૧૯૫૭નું મોડેલ) ખરીદી. ૧૯૮૭માં જ કેડીલેક (૧૯૬૦નું મોડેલ) ખરીદી જે પદ્મભૂષણ રાય બહાદુર એન.એસ. ઓબેરોયે



(ઓબેરોય હોટેલ્સ એન્ડ રીસોર્ટના સ્થાપક) ઉપયોગમાં લીધી હતી. ૧૯૮૯માં કલકત્તાથી ચાર કાર્સ ખરીદી જેમાં ૧૯૨૬ મોડેલની સ્ટડબેકર એસ.પી. સિંહા (એડવોકેટ જનરલ ઑફ બંગાલ) પાસેથી, હડસન (૧૯૯૭નું મોડેલ), પેકાર્ડ (૧૯૪૬નું મોડેલ) અને ચર્યસલર (૧૯૫૬નું મોડેલ) હતી. મેં ઈંદોરના રાજકુમારી ઉષા રાજે હોલકર પાસેથી ઓટો રેડ બગ (૧૯૧૯નું મોડેલ) પણ ખરીદી હતી.




મેં અનેક વિન્ટેજ કાર ખરીદી અને એમાંની કેટલીક વેચી પણ છે. આજની તારીખે મારી પાસે સોળ (૧૬) વિન્ટેજ કાર છે. જેમાંથી ૪ કાર એવી છે જે ભારતભરમાં એ પ્રકારની એક માત્ર કાર છે. મારી પાસે પાંચ મોટર સાયકલો છે જેમાંથી ત્રણ મોટર સાયકલો એવી છે જે એ પ્રકારની વિશ્વમાં એક માત્ર મોટર સાયકલ છે.



મેં ખરીદેલી ગાડીઓમાં કંઈક ને કંઈક સમારકામ કરાવવું જ પડ્યું છે અને મારો હંમેશા પ્રયત્ન હોય છે કે બને ત્યાં સુધી બધી જ કાર રનીંગ કન્ડીશનમાં રહે. અનેક વખતે ગાડીના સ્પેર પાર્ટસ માટે લાંબો સમય રાહ જોવી પડી છે. તો ક્યારેક વિદેશમાં પ્રવાસે ગયેલા મિત્રો દ્વારા પણ સ્પેર પાર્ટસ મંગાવવા પડ્યા છે.

**પ્ર.સ. :** અશોકભાઈ, આપણા કે.ડી.ઓ. જ્ઞાતિજનોને તમારા વિન્ટેજ કાર કલેકશનની મુલાકાત લેવી હોય તો આપ સંમતિ આપશો ? આપના પરિવારના કોઈ સભ્યે વિન્ટેજ કાર કલેકશનનો શોખ આગળ ધપાવ્યો છે ?

**અશોકભાઈ :** અનેક જ્ઞાતિજનોએ કાર કલેકશનની મુલાકાત લીધી છે. તથા જે જ્ઞાતિજનો આવવા ઈચ્છુક હોય તેમનું સ્વાગત છે. મારી સુપુત્રી ચાંદની આ પંપરા જાળવી રાખશે. તેને વિન્ટેજ કારમાં ખૂબ રસ છે તથા ગાડીઓના રખરખાવ માટે ખૂબ જ સંભાળ લે છે.

**પ્ર.સ. :** તમારા કાર કલેકશન વિશેની રસપ્રદ વાતો જણાવશો ?

**અશોકભાઈ :** ઈંદોરના રાજકુમારી ઉષા રાજે હોલકર સાથે 'ઓટો રેડ બગ' કારની કિંમત માટે વાતચીત લાંબા સમયથી ચાલુ હતી. એક દિવસે સવારમાં તેમનો ફોન આવ્યો કે આવતીકાલે સવારે નવ વાગ્યે પેમેન્ટ લઈને આવી જાઓ. એટલે મુંબઈથી હું 'હડસન' કારમાં નીકળ્યો ત્યારે મનમાં વિચાર હતો કે લોનાવાલાથી બીજી ગાડી લઈ લઈશ. પણ ગાડીના ક્લ્ચમાં કાંઈક ખરાબી આવી ગઈ હતી તેથી ના છૂટકે બળદો દ્વારા ગાડી ખેંચાવવી પડી આના કારણે મને ઈંદોર પહોંચતા મોડું થયું અને પ્રિન્સેસને મનાવતા નાકે દમ આવી ગયો. તમને જાણીને હસવું આવશે કે કલકત્તાના જાણીતા વકીલે તેમની પેકાર્ડ કાર મને એટલા માટે વેંચી દીધી હતી કે પેટ્રોલનો ભાવ ગેલનના રૂા. ૩.૫૦ થઈ ગયો હતો. દરેક કાર ખરીદતી વખતે આવા અવનવા અનુભવો થતા રહ્યા છે. એ બધું કહેવા બેસું તો કલાકો લાગે.

**પ્ર.સ. :** આંતરરાષ્ટ્રિય વિન્ટેજ કાર રેલી વિશે માહિતી આપશો ? આપની કઈ કારને પ્રથમ ઈનામ મળ્યું છે ?

**અશોકભાઈ :** ૧૯૮૯માં હું ૧૯૨૪ના મોડેલની રોલ્સરોયસ કાર ખરીદવા ઈચ્છતો હતો. આ કાર ઉદયપુરના મહારાજા પાસેથી કલકત્તાના વિખ્યાત વિન્ટેજ કાર સંગ્રાહક શ્રી શશી કનોડિયાએ ખરીદેલી હતી. મારી પત્ની દિપાંન્વિતા એ વખતે કલકત્તામાં હતી એટલે કાર જોવા હું એને સાથે લઈ ગયો. તેણે મને રોલ્સ રોયસને બદલે ૧૯૨૬ના મોડેલની સ્ટડબેકર ખરીદવા સૂચવ્યું અને મેં સ્ટડબેકર ખરીદી લીધી.

આ સ્ટડબેકર સાથે ૧૯૯૨માં ઓસ્ટ્રેલિયા ખાતે ૧૦૦૦ માઈલની કલાસીક કાર રેલીમાં મેં ભાગ લીધો. એ માટે કારને કારગો શીપમાં ઓસ્ટ્રેલિયા લઈ જવી પડેલી. આ કારને મેં અને મારા સાથી ડ્રાઈવર જીતેન્દ્ર સિંહે રેલીમાં ચલાવી હતી. અમો ઈન્ટરનેશનલ એન્ટ્રીમાં આ રેલીમાં પ્રથમ નંબરે વિજેતા રહ્યા અને ૧ કિ.ગ્રા. સોનાની ટ્રોફી મેળવી હતી. ઓસ્ટ્રેલિયાના પર્થથી અલબેનિયા સુધીની આ રેલીમાં ભાગ લેવા માટે મેં લગભગ ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. મારી અનેક ગાડીઓએ વિન્ટેજ અને કલાસીક કાર રેલીઓ તથા પ્રદર્શનોમાં ભાગ લીધો છે, પરંતુ ઓસ્ટ્રેલિયાની કાર રેલી ખૂબજ મોટી સફળતા હતી. મારી આ કાર ભારત બહાર જઈને રેલીમાં ભાગ લેનારી પ્રથમ કાર હતી.

**પ્ર.સ. :** અશોકભાઈ આપનો ખૂબ ખૂબ આભાર. આપે સોની ટી.વી. દ્વારા આપના વિશે બનાવેલા વિડિયો મને આપ્યા છે એ ભવિષ્યમાં અમુક વોટ્સએપ ગ્રુપ દ્વારા જ્ઞાતિજનો સાથે શેર કરીશું. આપના શોખ વિશે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય મેગેઝીનોમાં ઘણીજ માહિતી પ્રસિદ્ધ થઈ છે અને હવે પ્રકાશ સમીક્ષાના માધ્યમથી આપના શોખ અને સાહસની વાત ક.દ.ઓ. જ્ઞાતિના ભાઈ-બહેનો સુધી પહોંચાડવાનો આ પ્રયાસ છે જે અનેક યુવા જ્ઞાતિજનો માટે પ્રોત્સાહક બની રહેશે.

– ડૉ. હીરાચંદ દંડ

## "જીવન ઉદ્યાનની, ફાર્મની ફોરમ ફેલાવતી લાવણ્યમયી લતા
## દ્વિતિય શ્રદ્ધાંજલિએ સ્મરીએ તારી ગુણવત્તા"







અવતરણ
૧૫.૭.૧૯૫૨

અરિહંત શરણ
૨૨.૬.૨૦૧૯

# શ્રીમતી લતાબેન કાંતિલાલ વોરા - રંગપુર (કોઈમ્બતૂર)

માણેલી હર પળ હર ઘડી તારી યાદ આવે છે,
જીવનની શમી સાંજે તારી સ્મૃતિ ઝિંદાદિલી બક્ષે છે.
તું હતી મારી પ્રેરણામૂર્તિ ને દરિયાદિલ હમસફર,
સમજદારી અને વ્યવહારિક કૌશલ્યથી ભરતા'તા હર ડગર.
જીવન ઉદ્યાનના પુષ્પો **ચિરાગ** અને **શિતલ**ને સુસંસ્કારોથી સિંચવ્યા,
સખી સમાન **શલાકા** અને પુત્ર પ્રમાણ **પ્રશાંત**ને પ્રેમના પમરાટથી પ્રફુલ્યા.
અનંતની યાત્રાએ જતાં ક્યાં ખોવાણી **આર્યા**ની અત્તા, **પૂરવ**ની નાની,
સ્નેહથી સંભાળ્યા **પ્રાચી** અને **યશ**ની બાઈ, **જયેશ** અને **રચના**ની મામી.
દાનની શરવાણી દરેક ક્ષેત્રે ફેલાવી બન્યા યશનામી,
સખી મિત્રોની મહેફિલમાં મ્હાલી માણી મબલખ મિજબાની.
ખંત, ચિવટ જીગરથી શૂન્યમાંથી સર્જન કરતાં રસ્તો તો મળ્યો,
તારા સહકારથી કદમ ભરતાં મુસીબતોનો હિમાલય પણ ન નડ્યો.
ફાર્મની ગાયો, નારિયેળી, શેરડી, સોપારી, કેળા તથા માળી દંપત્તી,
તારી માવજત તથા કોઠાસૂઝને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પે છે.
પરિવારને મંદિર જેમ મહેકતો રાખનાર લતાના દિવ્ય આત્માને
**વોરા** અને **લુઢિયા** પરિવારજનોના શત્ શત્ પ્રણામ !!

ભાવભર્યાં શ્રદ્ધાસૂમન અર્પણ કરતા

**જીવનસાથી : શ્રી કાંતિલાલ વોરા**

રંગપુર (કોઈમ્બતૂર)

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**